અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ અમાસ | અંક : ૧૩૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચનો ઐતિહાસિક ચુકાદો

# જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા સુપ્રીમ કોર્ટની મંજૂરી

## જમ્મુ-કાશ્મીરમાં બંધારણની તમામ જોગવાઈઓ લાગુ થશે, રાષ્ટ્રપતિને કલમ ૩૭૦ પર નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર છે : સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૧૧ ।

આખરે સુપ્રીમકોર્ટની બંધારણીય બેન્ચે ચુકાદો આપી દીધો છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય યથાવત્ રાખતાં અને તે નિર્ણયને યોગ્ય ગણાવતાં સુપ્રીમકોર્ટે કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણીનું આયોજન કરી દેવામાં આવે. આ સાથે સુપ્રીમકોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીરનો રાજ્ય તરીકેનો દરજ્જો પણ જલદી જ બહાલ કરી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની મંજૂરી આપી દીધી છે. કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે રાષ્ટ્રપતિનો નિર્ણય બંધારણીય રીતે માન્ય હતો. કલમ ૩૭૦ અસ્થાયી હતી. જમ્મુ-કાશ્મીરમાં બંધારણની તમામ જોગવાઈઓ લાગુ થશે. કોર્ટે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિને કલમ ૩૭૦ પર નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમની પાસે બંધારણીય સત્તા છે. જમ્મુ કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. તેનું કોઈ આંતરિક સાર્વભૌમત્વ નથી. પાંચ જજોની બંધારણીય બેન્ચે આ નિર્ણય આપ્યો હતો. તમને જણાવી દઈએ કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે બંધારણની કલમ ૩૭૦ની જોગવાઈઓને રદ કરવાનો નિર્ણય લીધો હતો. કેન્દ્રના આ નિર્ણય પછી, જમ્મુ કાશ્મીર પાસેથી વિશેષ રાજ્યનો દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો અને તેને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજિત કરી દેવામાં આવ્યું હતું. જેમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ થતો હતો. આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. હાલમાં, આજે સ્પષ્ટ થઈ ગયું છે કે કેન્દ્રનો નિર્ણય બંધારણીય રીતે માન્ય હતો. કેન્દ્ર સરકારનું કહેવું છે કે જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિ સ્થાપિત થઈ છે. વિકાસના કામો પણ તેજી જોવા મળી રહી છે. આતંકી ઘટનાઓ ઘટી છે. યુવાનો રોજગારી તરફ આકર્ષાયા છે. શિક્ષણ ક્ષેત્રે પણ પરિવર્તન આવ્યું છે. આરોગ્ય સેવાઓ માટે એઆઈઆઈએમએસબનાવવામાં આવી રહી છે. કલમ ૩૭૦ને હટાવવાના નિર્ણયને યોગ્ય ગણાવતો ઐતિહાસિક ચુકાદો આપનારી સુપ્રીમકોર્ટની બંધારણીય બેન્ચમાં સીજેઆઈ ડી.વાય. ચંદ્ર ચૂડ, જસ્ટિસન સંજય કિશન કોલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંત સામેલ હતા. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં કહ્યું કે, કલમ ૩૭૦ એક 'અસ્થાયી જોગવાઈ' હતી. તેને સમાપ્ત કરવાની સત્તા રાષ્ટ્રપતિ પાસે હતી. કલમ ૩૭૦ નાબૂદ કરવાની સૂચના જારી કરવાની રાષ્ટ્રપતિનીસત્તાજમ્મુઅનેકાશ્મીરબંધારણસભાનાવિસર્જન પછી પણ ચાલુ છે. ૧. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કરવાનો રાષ્ટ્રપતિનો ૨૦૧૯નો આદેશ માન્ય હતો. રાજ્યની સ્થિતિ પણ ટૂંક સમયમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે. ૨. કોર્ટે કહ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવામાં આવે. એટલે કે સરકારે ૯ મહિનામાં ચૂંટણી કરાવવાની રહેશે. જો કે સરકારે એક નિવેદનમાં એમ પણ કહ્યું છે કે તે ચૂંટણી કરાવવા માટે તૈયાર છે. ચૂંટણી પંચ ગમે ત્યારે કાર્યક્રમ જારી કરી શકે છે. ૩. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. તેનું કોઈ આંતરિક સાર્વભૌમત્વ નથી. ભારતમાં જોડાયા પછી જમ્મુ-કાશ્મીરમાં આંતરિક સાર્વભૌમત્વ નથી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું, અમે માનીએ છીએ કે ભારત સંઘ સાથે વિલીનીકરણ બાદ તેની કોઈ આંતરિક સંપ્રભુતા નથી. ૪.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચે કલમ ૩૭૦ નાબૂદને પડકારતી અરજીઓ પર સર્વસંમતિથી ચુકાદો આપ્યો છે.




### કાશ્મીરમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણી યોજો : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બેન્ચે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ની જોગવાઈઓને નાબૂદ કરવાને પડકારતી અરજીઓ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સીજેઆઈડીવાયચંદ્રચુડે કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ કરવાનો આદેશ બંધારણીય રીતે માન્ય છે. જમ્મુ અને કાશ્મીરની બંધારણ સભાની ભલામણ ભારતના રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા નથી. સીજેઆઈએ કલમ ૩૭૦ નાબૂદ કરવાના નિર્ણયને બંધારણીય રીતે યોગ્ય ગણાવ્યો હતો. આ સાથે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં ચૂંટણીનું આયોજન કરી દેવામાં આવે અને રાજ્ય તરીકેનો દરજ્જો પણ જમ્મુ-કાશ્મીરને જલદી પરત કરવામાં આવે. જોકે સીજેઆઈએ લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાળવી રાખવાનો નિર્ણય યથાવત્ રાખ્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

#### હમાસને સરેન્ડર કરવા ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂની ચેતવણી



। જેરૂસલેમ, તા.૧૧ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસને સરેન્ડર કરી દેવાની ચેતવણી આપી દીધી છે. તેમણે કહ્યું કે હવે પેલેસ્ટિની સમૂહનો અંત નજીક છે. ઉલ્લેખનીય છે કે ગાઝા પટ્ટીમાં યુદ્ધ શરૂ થયાને બે મહિનાથી વધુ સમય વીતી જવાં છતાં હજુ યુદ્ધની સ્થિતિ યથાવત્ છે. નેતન્યાહૂએ ચેતવણી આપતા કહ્યું કે યુદ્ધ હજુ પણ ચાલુ જ છે પણ હમાસના અંતની શરૂઆત થઈ ચૂકી છે.

#### પંજાબના પઠાણકોટમાં સની દેઓલ મિસિંગના પોસ્ટર લાગ્યા




। પઠાણકોટ, તા.૧૧ ।

બોલીવુડ અભિનેતા સની દેઓલની દમદાર એક્ટિંગના કારણે તેના કરોડો ચાહકો છે. પરંતુ પંજાબમાં ફરી એક વખત તેમના મિસિંગ પોસ્ટર લગાવવામાં આવ્યા છે. એટલું જ નહીં સની દેઓલને શોધી લાવનાર માટે ૫૦ હજારનું ઈનામ પણ રાખવામાં આવ્યું છે. જોકે, આ પહેલી વખત નથી કે, સની દેઓલના મિસિંગ પોસ્ટર લગાવવામાં આવ્યા હોય. સની દેઓલ ગુરદાસ પુર-પઠાણકોટ લોકસભા બેઠક પરથી બીજેપી સાંસદ છે.

#### લાલ સાગર- ઈઝરાયેલ-હમાસ યુદ્ધનું નવું મેદાન

। જેરૂસલેમ, તા.૧૧ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધને બે મહિના વીતી ગયા છે. બંને વચ્ચે હજુ પણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. જોકે આ દરમિયાન એક સમય એવો પણ આવ્યો હતો કે જ્યારે યુદ્ધવિરામની સ્થિતિ આવી હતી અને એ સમય પણ વીતી ગયો અને ફરી ભીષણ યુદ્ધની શરૂઆત થઈ ચૂકી છે. આ દરમિયાન બંને વચ્ચે લાલ સાગર નવું યુદ્ધનું મેદાન બની ગયું છે. અહીં અમેરિકા બાદ ફ્રાન્સના યુદ્ધજહાજ પર હુમલાની ઘટના સામે આવી છે. આ હુમલા પાછળ યમનનો હાથ હોવાનો આરોપ લાગ્યો છે.

### સપ્તાહના પહેલા કારોબારી દિવસે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે

# સોનાના ભાવ ૬૨,૦૦૦ની નીચે, ચાંદીમાં પડ્યું મોટું ગાબડું

## ઓગસ્ટ ૨૦૨૦ બાદ લગભગ અઢી વર્ષ પછી ૨ ફેબ્રુઆરીના રોજ સોનાએ ૫૮ હજારની સપાટી પાર કરી

। નવી દિલ્હી, તા.૧૧ ।

સપ્તાહના પહેલા કારોબારી દિવસે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઘટાડાની સાથે સોનું પણ ૬૨,૦૦૦ના સ્તરની નીચે જતું રહ્યું છે. તો ચાંદીમાં મોટું ગાબડું પડ્યું છે. થોડા દિવસો પહેલા ૭૫,૦૦૦ની ઉપર કારોબાર કરતા ચાંદીના ભાવ આજે ૭૩,૦૦૦ના સ્તરની નીચે પડી ગયા છે. આજે સવારે ૧૦.૪૦ વાગ્યે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૬૧,૬૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૭૨,૩૪૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. સોના-ચાંદીમાં વૈશ્વિક સ્તરે દબાણ જોવા મળ્યા બાદ સ્થાનિક સ્તરે પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે. અહીં મહત્વનું છે કે નવા આર્થિક વર્ષમાં સોનાએ છેલ્લા ૬ મહિના બાદ નવી રેકોર્ડ સપાટીને સ્પર્શીને તેની



નવી રેકોર્ડ મત ૬૨,૮૩૪ રુપિયાના સ્તરે બનાવી છે. આજે સવારે ૧૦.૪૦ વાગ્યે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૬૧,૬૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૭૨,૩૪૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૦ બાદ લગભગ અઢી વર્ષ પછી ૨ ફેબ્રુઆરીના રોજ સોનાએ ૫૮ હજારની સપાટી પાર કરી અને ૫૮,૬૬૦ રુપિયાની ટોચે પહોંચીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. જોકે ત્યારબાદ સતત દોઢ-બે મહિને સોનું નવી નવી રેકોર્ડ કિંમતની સપાટી બનાવી રહ્યું છે. તેવામાં છેલ્લે એટલે કે ૫ મે ૨૦૨૩ના રોજ સોનાએ ફરી અસામાન્ય રીતે ઉછળીને પોતાની નવી રેકોર્ડ કિંમત બનાવી હતી. સ્ક્રઠ પર નોંધાયેલ આ નવી રેકોર્ડ કિંમત મુજબ એક તોલા સોનું ૬૧,૫૫૨ રુપિયા પર ટ્રેડ થયું હતું. ૨૪ કેરેટ સોનાના આભૂષણોમાં ૯૯૯ લખ્યું હોય છે, જ્યારે ૨૩ કેરેટ સોના પર ૯૫૮, ૨૨ કેરેટ પર ૯૧૬, ૨૧ કેરેટ પર ૮૭૫ અને ૧૮ કેરેટ શુદ્ધ સોના પર ૭૫૦ લખ્યું હોય છે. ૨૪ કેરેટ સોનું લગભગ ૯૯.૯% શુદ્ધ હોય છે જ્યારે ૨૨ કેરોટ સોનું ૯૧ ટકા શુદ્ધ હોય છે. ૨૨ કેરેટ સોનામાં અન્ય ધાતું જેવી કે તાંબુ, ચાંદી અને જિંક ભેળવીને આભૂષણો તૈયાર કરવામાં આવે છે.

### કર્ણાટકમાં મોટી રાજકીય ઉથલ-પાથલની તૈયારી

## કર્ણાટકમાં ગમે ત્યારે કોંગ્રેસ સરકાર પડી જશે : એચ.ડી. કુમારસ્વામી

। બેંગલુરૂ, તા.૧૧ ।

કર્ણાટકમાં મોટી રાજકીય ઉથલ-પાથલ થવાનો અને કોંગ્રેસની સરકાર પડી ભાંગવાની તૈયારીઓ થઈ રહી હોવાનો જેડીએસએ દાવો કર્યો છે. આ ચોંકાવનારું નિવેદન જનતા દળ (સેક્યુલર)ના નેતા એચ. ડી.કુમારસ્વામીએ આપ્યું છે. તેમણે કહ્યું કે, કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ગમે ત્યારે પડી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે, સત્તાધારી કોંગ્રેસના એક દિગ્ગજ મંત્રી કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ કાયદાકીય મુશ્કેલીઓથી બચવા ભાજપમાં સામેલ થવાનું વિચારી રહ્યા છે. આ જ કારણે તેઓ બીજેપીના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે.

### ભારતની મેન્યુફેક્ચરીંગ, પાર્ટ્સ સેક્ટરોમાં હરણફાળ

## ચીન સરહદ પર ટાટાના ચિપ પ્રોસિંગ પ્લાન્ટની તડામાર તૈયારી

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત મેન્યુફેક્ચરીંગ, ૫ ાર્ટ્સ સહિતના સેક્ટરોમાં સતત હરણફાળ ગતી કરી રહ્યું છે. ભારત ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ અને તેના પાર્ટ્સના મેન્યુફેક્ચરિંગ મામલે આત્મનિર્ભર પણ બનવા ઈચ્છે છે. વર્તમાન સમયમાં ભારત મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઝડપી ગતીએ ગ્રોથ નોંધાવી રહ્યું છે, તેમ છતાં ચીન તેમજ અન્ય દેશોમાંથી ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ જેવા મોબાઈલ પાર્ટ્સ આયાત કરવા પડે છે.

## મ.પ્ર.ના મોહન યાદવ મુખ્યમંત્રી, નરેન્દ્ર સિંહ તોમર વિધાનસભાના અધ્યક્ષ

। ભોપાલ, તા.૧૧ ।

છત્તીસગઢ બાદ હવે મધ્યપ્રદેશમાં પણ મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ ગઈ છે. ૪ રાજ્યોમાં વિધાનસસભા ચૂંટણી પરિણામોની જાહેરાત થયાના ૮ દિવસ બાદ મધ્યપ્રદેશમાં નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરાઈ છે. કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરને વિધાનસભા અધ્યક્ષ બનાવાયા છે. અગાઉ શિવરાજ સિંહ ચૌહાણ સહિતના નામો ચર્ચા હતા, જોકે ભાજપે અંતે ઉજ્જૈનના મોહન યાદવના નામ પર ફાઈનલ મહોર મારી છે.



ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી, જેમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો છે. મધ્યપ્રદેશમાં ભાજપે ૧૬૩ બેઠકો જીતી છે, જ્યારે કમલનાથ સામે ચૂંટણી લડી રહેલી કોંગ્રેસે માત્ર ૬૬ બેઠકો પર જીતી છે.



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
LPGના ભાવમાં ઘટાડા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે?

સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### પોલીયો વેકસીનના SNID રાઉન્ડનું નર્મદા જિલ્લામાં આયોજન

# પોલીયો રસીકરણ ઝુંબેશ થકી ૫ વર્ષ સુધીના બાળકોને સુરક્ષિત કરવાનો સંકલ્પ કરાયો

## આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૫ વર્ષના ભુલકાંઓને વિનામૂલ્યે રસી પીવડાવીને પોલીયોના રોગથી સુરક્ષિત કર્યા હતા

। નર્મદા, તા.૧૧ ।

રાજ્યભરમાં પોલીયોને નેસ્તનાબૂદ કરવા માટે "સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પોલીયો વેકસીનના એસ.એન.આઈ.ડી. રાઉન્ડનું સમગ્ર નર્મદા જિલ્લામાં આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા રવિવારના રોજ ૦ થી ૫ વર્ષના ભુલકાંઓને વિનામૂલ્યે રસી પીવડાવીને પોલીયોના રોગથી સુરક્ષિત કર્યા હતા. આ તબક્કે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ પણ પોતાના બાળકોનું પોલીય રસીકરણ કરાવી જિલ્લાના નાગરિકોને આ અભિયાનમાં જોડાઈને પોતાના બાળકોનું રસીકરણ કરાવે તેવી આપીલ કરી હતી. નર્મદા જિલ્લાના તાલુકા સ્તરે ૧૭૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, જિલ્લાના દરેક આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલો, બસ સ્ટેશનો, વિકસિત ભારત યાત્રાના કાર્યક્રમ સ્થળે બુથનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત ૨૩૪ પોલીયો બુથ પર જિલ્લાના અંદાજીત ૧.૩૦ લાખ ઘર અને ૪૭,૩૦૧ જેટલા બાળકોને રસીકરણ હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

૨૯ મોબાઈલ અને ટ્રાન્ઝીટ ટીમ, ૪૮ જેટલી ટીમ સુપ રવાઈઝરો અભિયાનમાં જોડાયા છે. જેમાં બુથ રસીકરણ, ઘર ઘર રસીકરણ, ટ્રાન્ઝીટ અને મોબાઈલ ટીમ દ્વારા વર્ષ ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસીકરણમાં આવરી લેવાશે. રવિવારના રોજ બુથ ઉપરથી બાળકોને પોલીયો અભિયાનમાં સમાવી લેવામાં આવશે. ત્યારબાદ બાકી રહી ગયેલા બાળકોનું ડોર-ટુ-ડોર સર્વેના માધ્યમથી રસીકરણ કરવામાં આવનાર છે. હાલમાં નર્મદા જિલ્લામાં ગામે ગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. ત્યારે રવિવારના રોજ જે ગામોમાં યાત્રા પહોંચવાની છે ત્યાં કાર્યક્રમ સ્થળે પણ આરોગ્ય વિભાગ દ્વારા પોલીયો અભિયાન અંતર્ગત ખાસ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કાર્યક્રમ સ્થળે હાજરી આપવા આવેલા નાગરિકો પોતાના બાળકોને પોલીયો રસીકરણ કરાવી શકે તેમજ લોક જાગૃતિનો સંદેશો પણ ફેલાવી શકાય તેવો શુભ આશય રહેલો છે. ગુજરાતના છેવાડાના ડાંગ જિલ્લામાં પણ પલ્સ પોલિયો અભિયાન આજે ૧૦ થી ૧૨ ડિસેમ્બર સુધી ચલાવવામાં આવશે.

# કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લગાવતા ખેડૂતોમાં રોષ

## ડુંગળીના ભાવ એક મણના ૭૦૦ રૂપિયા બોલાતા હતા. તે હવે યાર્ડમાં થતી હરાજીમાં ૧૦૦થી લઈને ૪૦૦ બોલાયા

। રાજકોટ, તા.૧૧।

સામાન્ય રીતે ડુંગળીના ઉંચા ભાવ પ્રજાને રડાવતા હોય છે.પરંતુ સરકારના એક નિર્ણયથી ડુંગળીના ભાવ હવે ખેડૂતોને રડાવી રહ્યાં છે. સરકારે ડુંગળીની નિકાસ બંધ કરતા ખેડૂતોના માથે આભ ફાટ્યા જેવો ઘાટ સર્જાયો છે. રાજકોટના વિવિધ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. અને એક જ દિવસમાં ભાવમાં મોટું ગાબડું પડ્યું છે.

જે ડુંગળીના ભાવ એક મણના ૭૦૦ રૂપિયા બોલાતા હતા. તે હવે યાર્ડમાં થતી હરાજીમાં ૧૦૦થી લઈને ૪૦૦ સુધીના ભાવ બોલાયા છે. એટલે કે ૨૪ કલાકમાં જ ડુંગળીના ભાવમાં ૩૦૦ રૂપિયાનું ગાબડું પડ્યું છે. ત્યારે તળીયે બેઠેલા ભાવ અને સરકારના નિર્ણયને ખેડૂતો વખોડી રહ્યા છે. અને યોગ્ય નિર્ણયની



માગ કરી રહ્યા છે. તો ખેડૂતોની ૩ દિવસથી યાર્ડમાં પડેલી ડુંગળી હવે કોઈ લેવા તૈયાર નથી. ખેડૂતોનું કહેવું છે કે ડુંગળીની નિકાસ બંધ કરવાના નિર્ણયથી વેપારીઓ ડુંગળી ખરીદવા તૈયાર નથી. ત્યારે હવે આ ૩-૩ દિવસથી પડેલી ડુંગળી ખરાબ થવા લાગતાં ફેંકવાનો વારો આવ્યો છે.

મહત્વનું છે કે રાજકોટના વિવિધ માર્કેટ યાર્ડમાં ૩ દિવસ પહેલા ડુંગળીના હજારો કટ્ટા વચ્ચે આવક બંધ કરાઈ હતી.ડુંગળીની નિકાસ બંધ થતા વધુ આવક ન કરવા વેપારીઓએ યાર્ડ સતાધીશોને અનુરોધ કર્યો હતો. જે બાદ ડુંગળીની હરાજી બંધ કરી દેવામાં આવી હતી.ખેડૂતોનું માનવું છે કે સરકાર નિર્ણય પરત નહીં ખેંચે તો ખેડૂત મરી પરવારશે. તો એક તરફ માવઠાનો માર તો બીજી તરફ સરકારનો કાયદો ખેડૂતોને ખટકી રહ્યો છે. ઈંધણ સાથે ખાતરની મોંઘવારીથી ખેડૂતો ત્રાહિમામ જ હતા. તેવા સમયે સરકારના નિકાસબંધીના નિર્ણયને પગલે જગતનો તાત ફરી એકવાર લાચાર બન્યો છે. હવે આ સંકટમાંથી સરકારની ફેરવિચારણા ખેડૂતોના ચહેરા પર લાલી લાવી શકે છે.

### અમદાવાદના જગન્નાથ મંદિરે પહોંચી રામલલ્લાની કળશયાત્રા

। અમદાવાદ, તા.૧૧ ।

રામલલ્લાના જળાભિષેક માટે જે કળશયાત્રા નીકળી હતી તે અમદાવાદના જગન્નાથ મંદિરે પહોંચી છે.આ રથમાં ભગવાન શ્રી રામ, માતા સીતા અને હનુમાનની પ્રતિમા પણ છે. આ ઉપરાંત તેમાં એક કળશ બનાવાયો છે.જેમાં દેશની ૭૫ નદીઓ અને તીર્થસ્થળોનું જળ અયોધ્યા લઈ જવાશે. મહત્વનું છે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં ભગવાન શ્રી રામલલ્લાની ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરાશે. આ પહેલા સમગ્ર ભારતમાં રથ દ્વારા યાત્રા કાઢવામાં આવી છે.જે રામલલ્લાના જળાભિષેક માટે દેશભરની ૭૫ નદી અને તળાવોમાંથી જળ એકત્ર કરી રહી છે. આ યાત્રા રાજસ્થાનના બિકાનેરથી અમદાવાદના જગન્નાથ મંદિરે પહોંચી હતી.જ્યાંથી કળશયાત્રા અક્ષરધામ મંદિર,રાજકોટના રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના સ્વામિનારાયણ મંદિર, દ્વારકાધીશ મંદિરમાં પહોંચ્યા બાદ વડોદરા પણ જશે.કળશયાત્રા ગુજરાતની પવિત્ર નદીઓના જળને એકત્ર કરીને આગળ પ્રયાણ કરવામાં આવશે.આ ભવ્ય કળશયાત્રા ૨૬ હજાર કિલોમીટરનો પ્રવાસ કરીને ૧૪ જાન્યુઆરીએ અયોધ્યા પહોંચશે.


### ગુજરાતના ખેડૂતો પર આવ્યું નવું સંકટ । ઈયળ અને લાલ જીવાત ખેડૂતોનો કપાસ બરબાદ કરી રહી છે

# કપાસના વાવેતરમાં જીવાતનો ઉપદ્રવ હવે વધી રહ્યો છે

। અમદાવાદ, તા.૧૧ ।

જિલ્લાના ખેડૂતો પર એક બાદ એક સંકટ આવી રહ્યા છે. કમોસમી વરસાદના માર બાદ વધુ એક સંકટે ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે. કપાસના વાવેતરમાં લાલ જીવાત અને ઈયળોનો ઉપદ્રવ સતત વધી રહ્યો છે. જેના કારણે કપાસના વાવેતર કરતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ઈયળ અને લાલ જીવાત ખેડૂતોનો કપાસ બરબાદ કરી રહી છે. ત્યારે કૃષિ વિભાગ આ ઉપદ્રવથી ખેડૂતોને ઉગારે તેવી માંગ ઉઠી છે.

રાત દિવસ કાળી મજૂરી કરી અન્ય લોકો માટે ધાન પકવતા જગતના તાત એવા ખેડૂતોની મુશ્કેલીઓ દિન પ્રતિદિન વધી રહી છે. એક તરફ માવઠાનો માર સહન કરી રહેલા ખેડૂતને હવે કપાસમાં લાલ જીવાત અને ઈયળોનો માર સહન કરવાનો વારો આવ્યો છે. ગુલાબી ઈયળોના આક્રમનના કારણે ખેડૂતોનો કપાસ હવે ખેડૂતોની નજર સામે જ સડી રહ્યો છે. ભાવનગર જિલ્લામાં ખેડૂતો ખૂબ મોટા પ્રમાણમાં કપાસનું વાવેતર



કરતા હોય છે. પરંતુ આ વાવેતર પર હવે લાલ જીવાત અને ગુલાબી ઈયળ ની નજર લાગી ગઈ છે.

હાલ જિલ્લામાં ૨૫ હજાર હેક્ટર કરતા વધુ કપાસના વાવેતરમાં જીવાતનો ઉપદ્રવ વધી રહ્યો છે. ગુલાબી ઈયળો ખેડૂતોનો કપાસ કોરી ને ખાઈ રહી છે જેના કારણે કપાસના ઉત્પ ાદનમાં પણ ખૂબ મોટો તફાવત આવે તેવી પુરી શકયતા છે. કારણ કે, જીવાતો ના ઉપદ્રવના કારણે માર્કેટ યાર્ડમાં કપાસની આવક ઘટી રહી છે. જે અંગે રાજ્યનું ખેતીવાડી વિભાગ તાત્કાલિક ખેડૂતોની વહારે આવે તો વધ્યો ઘટ્યો ખેડૂતોનો કપાસનો પાક બચી શકે તેમ છે. ભાવનગર જિલ્લાના ઘોઘા, તળાજા, ભાવનગર સહિતના તાલુકા પંથકમાં કપાસના વાવેતરમાં અસંખ્ય ગુલાબી ઈયળ અને લાલ જીવાત જોવા મળી રહી છે. જોકે આ પરિસ્થિતિ માત્ર આટલા તાલુકામાં જ સીમિત નથી રહી પરંતુ સમગ્ર જિલ્લામાં તેનું અતિક્રમણ સામે આવી રહયુ છે.

હજી તો થોડા સમય પહેલા જ આવેલા માવઠાના મારથી ખેડૂત ઉભર્યો નથી, ત્યાં હવે કપાસમાં નવી મુસીબત આવી પહોંચી છે. કપાસના જીંડવા આ ઉપદ્રવના કારણે ખરાબ થઈ રહ્યા છે. મોંઘા દાટ બિયારણો અને ઊંચી કિંમતમાં દવાના છંટકાવ બાદ પણ કપાસના પાક પર ઉપદ્રવ ઘટવાનું નામ લેતો નથી, ત્યારે અનેક ખેડૂતોએ તો ફરી કપાસનું વાવેતર કરવાનું માંડી વાળ્યું છે. ત્યારે આ માટે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા એક્સપર્ટ ટીમની કમિટી બનાવી ખેડૂતોને આ સંકટથી બચાવવા જોઈએ તેવી માંગ થઈ રહી છે.

### ગાંધીનગરમાં પ્રેમનો જાહેરમાં તમાશો

# તાલુકા હેલ્થ ઓફિસર મહિલા મેડિકલ ઓફિસર પાછળ લટ્ટુ

## મહિલા મેડિકલ હેલ્થ ઓફિસરે પ્રેમનો સ્વીકાર કરવાની ના પાડતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

। ગાંધીનગર, તા.૧૧ ।

ગાંધીનગરમાં એકતરફી પ્રેમનો ગજબનો કિસ્સો સામે આવ્યો છે. ગાંધીનગરમાં મહિલા મેડિકલ ઓફિસર એ પ્રેમનો સ્વીકાર ન કરતા તેની ગાડીને નુકસાન કર્યુ હતું. તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા જ આ સમગ્ર ઘટના કરવામાં આવી હોવાની વાત સામે આવી છે. મહિલા ઓફિસરને જાનથી મારવાની ધમકી પણ આપવામાં આવી હતી. તેમજ મહિલા ઓફિસરને ડરાવવા માટે તેની ગાડીને પણ નુકસાન કર્યું. સમગ્ર મામલો ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. તેમજ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ઘટના એવી હતી કે, ગાંધીનગરમાં એક તાલુકા હેલ્થ ઓફિસર મહિલા મેડિકલ ઓફિસરના પ્રેમમાં એકતરફી પાગલ હતો. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ રાજેશભાઈ વાઘેલા ન્યુ ગાંધીનગરમાં રહેતી અને હાલ અમદાવાદના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિક ઓફિસર તરીકે ફરજ બજાવતી મહિલા તબીબ પાછળ લટ્ટુ હતો. પરંતુ મહિલા ઓફિસરને આ પ્રેમમાં રસ ન હતો. પરંતુ ડો.વિરલ તેને સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો.

ડો.વિરલથી કંટાળીને મહિલા હેલ્થ ઓફિસરે વારંવાર પોતાની બદલી કરાવી હતી, છતા ડો.વિરલ તેનો પીછો છોડતો ન હતો. ડો.વિરલ તેને અવારનવાર ફોન કરીને હેરાન પરેશાન કરતો હતો.

### સુરતીઓને માથે મોટી ઘાત

# ત્રણ યુવકોના હાર્ટ એટેકથી મોત, એક રીક્ષામાં બેઠા બેઠા ઢળી પડ્યો

## વેક્સિનના લીધે આજે આપણે બધા જીવી રહ્યા છીએ, રોજ બરોજની જીવન સૈલી અને ખોરાક મહત્વનો રોલ ભજવે છે

। સુરત, તા.૧૧ ।

ગુજરાતમા સતત વધી રહેલા હાર્ટ એટેકના કિસ્સા હવે ટેન્શન કરાવી રહ્યાં છે. હાર્ટ એટેક બિલાડીના ટોપની જેમ ફૂટી રહ્યાં છે. સુરતમાં હાર્ટ એટેકથી હાહાકાર મચી ગયો છે. સુરતમાં હાર્ટ એટેકની ઘટનાઓ યથાવત છે. સુરતમાં હાર્ટ એટેક કહેર મચાવી રહ્યો છે. ત્યારે સુરતમાં ત્રણ યુવકોના હાર્ટ એટેકથી મોત થયા છે. પીપલોદ, રાંદેર અને પાંડેસરામાં ૩ યુવકોના બેભાન થયા બાદ મોત થયા હતા. પીપલોદમાં ૨૬ વર્ષીય યુવકને છાતીમાં દુખાવો થતા બેભાન થઈ ગયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો રાંદેરમાં ૪૫ વર્ષીય યુવકને ઓટોરીક્ષામાં બેઠા બેઠા બેભાન થઈ ગયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃતજાહેર કર્યો હતો પાંડેસરામાં ૪૨ વર્ષીય યુવકને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેઓ ખુરશી ઉપર બેભાન થઈ ગયા હતા, જેને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃતજાહેર કર્યો હતો જોકે તમામ કેસમાં હોસ્પિટલના ડોક્ટરે હાર્ટ એટેકની આશંકા વ્યક્તિ કરી હતી. જોકે, ચિંતાની વાત એ છે કે, ત્રણેય યુવકો એક જ પેટર્નથી મોતને ભેટ્યા હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા ગતરોજ જાહેર પરીસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવા અવસ્થામાં હાર્ટ એટેકના કેસમાં વધારાને લઈ સંવાદ યોજાયો હતો.

### નવ મહિના બની હતી આવી ખતરનાક ઘટના

# ન્યૂડ વીડિયો કોલ ગેન્ગે શિક્ષક પાસેથી રૂપિયા ૫૩ હજાર પડાવ્યા

## બીજી બાજુ સરથાણાનો રત્ન કલાકાર ડિજિટલ હનીટ્રેપમાં ફસાયો હતો, નિર્વસ્ત્ર હાલતમાં સ્ક્રીન રેકોર્ડ કરી લેવામાં આવ્યું હતું

। સુરત, તા.૧૧ ।

સુરતમાંથી વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, અહીં એક શિક્ષકને વીડિયો કૉલ દ્વારા છેતરવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, સુરત શહેરમાં નવ મહિના પહેલા થયેલા કાંડમાં હવે મોટો વળાંક આવ્યો છે. સુરતના પુણા વિસ્તારનો બનાવ સામે આવ્યો છે.

એક યુવતીએ થોડાક સમય પહેલા એક શિક્ષક સાથે વીડિયો કૉલમાં વાત કરી હતી, જેમાં યુવતી નગ્ન થઈ હતી અને સાથે સાથે શિક્ષક પણ ન્યૂડ થઈ ગયો હતો, આ વીડિયો બાદમાં શિક્ષકને મોકલવામાં આવ્યો હતો. આ વીડિયોના આધારે કેટલાક લોકોએ પોલીસના સ્વાંગમાં આવીને શિક્ષક પાસે પૈસાની ઉઘરાણી કરી હતી. નવ મહિના પહેલા થયેલા ન્યૂડ વીડિયો કાંડમાં યુવતીએ શિક્ષકને આ ન્યૂડ વીડિયો મોકલ્યો હતો, શિક્ષક પાસેથી આ વીડિયોના બદલામાં પૈસાની ઉઘરાણી કરવામાં આવતી. શરૂઆતમાં શિક્ષકે પૈસા આપવાની ના પાડી દીધી હતી. બાદમાં પૈસા આપવા તૈયાર થયો અને ટુકડે ટુકડે ૫૩ હજાર રૂપિયા આ ગેન્ગ શિક્ષક પાસેથી પડાવ્યા હતા. ખાસ વાત છે કે, શિક્ષકને મોકલવામાં આવેલો આ વીડિયો મૉર્ફ કરેલો હતો, હાલમાં શિક્ષકે પુણા પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ડાયમંડ નગરી સુરતમાં સરથાણાનો રત્ન કલાકાર ડિજિટલ હનીટ્રેપમાં ફસાયો હતો. નિર્વસ્ત્ર હાલતમાં સ્ક્રીન રેકોર્ડ કરી લેવામાં આવ્યું હતું.

## વિશેષ

### કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્ય સ્તરીય યુવા મહોત્સવ યોજાયો

# વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ભારતના યુવાધનમાં રહેલું સામર્થ્ય આજે વિશ્વની સમક્ષ આવ્યું : કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા






કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્ય સ્તરીય યુવા મહોત્સવ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ આ પ્રસંગે ઉપસ્થિત સૌ યુવાઓને પંચ પ્રણ પ્રતિજ્ઞા લેવડાવી હતી. નહેરુ યુવા કેન્દ્ર સંગઠન-ગુજરાત દ્વારા જિલ્લા કક્ષાએ યુવા મહોત્સવ અંતર્ગત મોબાઈલ ફોટોગ્રાફી પ્રતિયોગિતા, ચિત્રકલા પ્રતિયોગિતા, સાંસ્કૃતિક કાર્યક્રમ, ભાષણ પ્રતિયોગિતા અને કવિતા લેખન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થયેલા પ્રથમ અને દ્વિતીય પ્રતિયોગીઓ દ્વારા આજે રાજ્ય કક્ષાના યુવા મહોત્સવમાં પોતાની કૃતિ રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન યુવાઓનો ઉત્સાહવર્ધન કરતા કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ભારતના યુવાધનમાં રહેલું સામર્થ્ય આજે વિશ્વની સમક્ષ આવ્યું છે. તેમણે કહ્યું કે, એક તરફ અનેક દેશો કોવિડ અને યુદ્ધગ્રસ્ત પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે, સમગ્ર વિશ્વનો ગ્રોથ રેટ ૩.૪૦ છે, ત્યારે આવા વિપરીત સંજોગોમાં પણ ભારતનો ગ્રોથ રેટ ૬.૪ છે. પરિણામે ભારત દેશ આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસી રહેલી અર્થવ્યવસ્થા બન્યો છે. તેમણે ઉમેર્યું કે, આજનો યુવા ભારતની આવતીકાલ છે. વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતની કમાન પણ આજના યુવા પાસે હશે અને વિકસિત ભારતને સંચાલન કરવાનું કામ પણ આજના યુવાનોનું જ હશે. માત્ર સંચાલન જ નહીં પરંતુ દેશને વધુ સક્ષમ બનાવી આગળ લઈ જવાનો છે અને વિશ્વનું નેતૃત્વ કરવાનું છે. એટલા માટે જ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની યુવાપેઢીને સામર્થ્યવાન બનાવવા અનેક પ્રયાસો કરી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી શ્રીએ કહ્યું કે, કોરોનાકાળમાં વેક્સિન બનાવીને દેશને બચાવ્યો, સાથે જ અન્ય દેશોને પણ વેક્સિન આપીને બચાવ્યા, ચંદ્રયાનને ચંદ્ર પર પહોંચાડીને ભારતના યુવાનોએ સમગ્ર વિશ્વને પોતાના સામર્થ્યનો પરિચય કરાવ્યો છે. વડાપ્રધાનશ્રીને પણ દેશના યુવાનો પાસેથી અનેક અપેક્ષાઓ છે, ત્યારે આજનો યુવાધન પણ દેશના વિકાસ માટે સંકલ્પબદ્ધ થાય તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે દરેક પ્રતિયોગિતાના નિર્ણાયક-જ્યુરીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ અને પ્રાદેશિક પંચાયત પરિષદના સચિવ શ્રી ભરતભાઈ ગાજીપરા દ્વારા પણ યુવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન-ગુજરાતના રાજ્ય નિર્દેશક શ્રીમતી મનીષાબેન શાહ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

## ૨૦૧૫માં રાહુલે રણજી મેચમાં ૪૪૮ બોલમાં 337 રન કર્યા હતા

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે. અહીં તે ક્રિકેટના ત્રણેય ફોર્મેટની સિરીઝ રમશે. આ સિરીઝમાં ટી૨૦ ફોર્મેટમાં ભારતીય ટીમના વિકેટકીપર બેટ્સમેન કે.એલ રાહુલને મોકો આપવામાં આવ્યો નથી. પરંતુ સાઉથ આફ્રિકા સામે રમાનાર વન-ડેસિરીઝમાં તેણે કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. આ ઉપરાંત તેને ટેસ્ટ સિરીઝ માટે પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ત્યારે ક્રિકેટ ચાહકો કે.એલ રાહુલની જૂની મેરેથોન ઈનિંગ્સને યાદ કરી રહ્યા છે અને તેના વખાણ કરી રહ્યા છે. તે મેરેથોન ઈનિંગમાં તેણે ૩૩૭ રન બનાવ્યા હતા. વર્ષ ૨૦૧૫માં રમાયેલી રણજી ટ્રોફીમાં કર્ણાટક અને ઉત્તર પ્રદેશ વચ્ચે મેચ રમાઈ હતી જે ડ્રો રહી હતી. પરંતુ કે.એલ રાહુલના શાનદાર પ્રદર્શનને કારણે આ મેચ આજે પણ યાદ કરવામાં આવે છે. રણજી ટ્રોફી ૨૦૧૫માં રમાયેલી મેચમાં કે.એલ રાહુલે ઉત્તર પ્રદેશ સામે પ્રથમ ઈનિંગમાં ૪૪૮ બોલમાં ૩૩૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૪૭ ચોગ્ગા અને ૪ છગ્ગા પણ ફટકાર્યા હતા.

### ટીમ ઈન્ડિયા દક્ષિણ આફ્રિકાના પ્રવાસે

# ટીર૦ વર્લ્ડ કપમાં રોહિત શર્માને ટીમનું નેતૃત્વ સોંપવાનો ગંભીરનો અભિપ્રાય

### રોહિત શર્મા સારા ફોર્મમાં છે અને શાનદાર બેટિંગ કરી રહ્યો છે તો હું માનું છું કે તેને કેપ્ટનશીપ સોંપવી જોઈએ



। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે. જ્યાં તે ૩ ટીર૦ૈં, ૩ વન-ડેઅને ૨ ટેસ્ટ મેચની સિરીઝ રમવાની છે. જેના માટે સૂર્યકુમાર યાદવને ટીર૦ૈં સિરીઝમાં અને કે.એલ રાહુલને વન-ડેસિરીઝમાં કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. જયારે રોહિત શર્મા ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. આવતા વર્ષે જૂનમાં ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપરમવાની છે. આવી સ્થિતિમાં ફરી એકવાર રોહિતને કેપ્ટનશીપ સોપવાની માંગ થઈ રહી છે. ફેન્સ સહિત કેટલાંક દિગ્ગજ ખેલાડીઓ પણ આના સમર્થનમાં છે. આ દરમિયાન પૂર્વ ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીરે પણ આ અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

ગૌતમ ગંભીરે કહ્યું હતું કે જો રોહિત શર્મા સારા ફોર્મમાં છે અને શાનદાર બેટિંગ કરી રહ્યો છે તો હું માનું છું કે તેને કેપ્ટનશીપ સોંપ વી જોઈએ. ગંભીરે એક ચેનલ સાથે વાતચીત દરમિયાન કહ્યું, 'કપ્તાની કોઈ મોટી વાત નથી. મને નથી લાગતું કે રોહિત ખરાબ કેપ્ટન છે. તમે વર્લ્ડ કપમાં તમારો દબદબો જાળવી રાખ્યો હતો. માત્ર એક ખરાબ મેચને કારણે તમે તેને ખરાબ કેપ્ટન ન કહી શકો. જો તે સારા ફોર્મમાં છે અને શાનદાર બેટિંગ કરી રહ્યો છે, તો મારું માનવું છે કે તેને કેપ્ટનશીપ સોંપ વી જોઈએ. ગંભીરે વધુમાં કહ્યું, કપ્તાની નહીં પરંતુ ટીમ મહત્વપૂર્ણ છે. તમારે ટીમમાં સારો દેખાવ કરનાર ખેલાડીને પસંદ કરવો પડશે, પછી તે રોહિત હોય, હાર્દિક હોય કે સૂર્યા હોય, જે સારું પ્રદર્શન કરી રહ્યો હોય તે કેપ્ટન હોવો જોઈએ. ટીર૦માં કેપ્ટનશીપ કરતાં ફોર્મ વધુ મહત્ત્વનું છે.

શ્રીસંત સાથેના વિવાદ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ગંભીરે કહ્યું, 'મારે આ મામલે કંઈ કહેવું નથી. હું અહીં એક સારા કામ માટે આવ્યો છું. આ અંગે કોઈ વાત કરવા નથી ઈચ્છતું. જણાવી દઈએ કે ૬ ડિસેમ્બરે લિજેન્ડ્સ લીગ ક્રિકેટમાં ગુજરાત જાયન્ટ્સ અને ઈન્ડિયા કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ હતી.

આ મેચ દરમિયાન ગૌતમ ગંભીર અને પૂર્વ ફાસ્ટ બોલર એસ શ્રીસંત વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદમાં તેમની લડાઈ સોશ્યલ મીડિયા પર પણ પહોંચી હતી. શ્રીસંતે એક પછી એક અનેક વીડિયો શેર કરીને ગંભીર પર નિશાન સાધ્યું હતું.

### રોહિતની ફિટનેસને લઈને સતત ચર્ચા

# ટીમ ઈન્ડિયામાં રોહિત કોહલી જેટલો જ ફિટ : અંકિત ક્લિયર




। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માને તેની ફિટનેસને લઈને યુઝર્સ સોશ્યલ મીડિયા પર ટ્રોલ કરતા હોય છે. આટલું જ નહીં પરંતુ કેટલાંક ફેન્સ તેને પોતાની ફિટનેસ બનાવી રાખવા માટે સલાહ આપતા પણ જોવા મળતા હોય છે. પરંતુ જો રોહિત શર્મા ફિટ નથી તો તે ફિટનેસ લેવલ ટેસ્ટ યો-યો કેવી રીતે પાસ કરી લે છે ? આ વર્ષે જ ભારતીય ટીમના તમામ ખેલાડીઓનો યો-યો ટેસ્ટ થયો હતો. જેને રોહિત શર્માએ ખુબ જ સરળતાથી પાસ કરી લીધો હતો.

ભારતીય ટીમના સ્ટ્રેન્થ અને કંડીશનિંગ કોચ અંકિત કલિયરે વાતચીત દરમિયાન રોહિત શર્માની ફિટનેસ અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, રોહિત એક ફિટ ખેલાડી છે. તેનો ફિટનેસ લેવલ ખુબ સારો છે. દેખાવમાં ભલે તે થોડો બલ્કી દેખાતો હોય પરંતુ તે દરેક વખતે યો-યો ટેસ્ટ ખુબ સરળતાથી પાસ કરે છે.' તેણે વધુમાં કહ્યું, 'ભારતીય ટીમમાં રોહિત કોહલીની જેમ જ ફિટ છે. ખાલી જોવામાં જ તેનું શરીર ભારે છે, પરંતુ અમે તેને મેદાનમાં જોયો છે. તે ખૂબ જ ચપળ અને ગતિશીલ છે. તે દેશના સૌથી ફિટ ક્રિકેટરોમાંથી એક છે. અંકિતને જયારે પૂછવામાં આવ્યું કે ભારતીય ટીમમાં સૌથી ફિટ ખેલાડી કોણ છે ? તો તેણે જવાબ આપતા વિરાટ કોહ્લીનું નામ લીધું હતું. તેણે કહ્યું, 'વિરાટ કોહલી માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનો સૌથી ફિટ ક્રિકેટર છે. કોહલીના સૌથી ફિટ ખેલાડી હોવા પાછળનું કારણ તેની દિનચર્યા છે.

ભલે તે ક્રિકેટ રમે ક ન રમે, તે હંમેશા ટ્રેનિંગ અને સપ્લીમેન્ટ્સ જેવી બાબતોનું સખતપણે પાલન કરે છે.'

### વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ટ્રેવિસ હેડે શાનદાર બેટિંગ કરી હતી

# આઈસીસી નવેમ્બર પ્લેયર ઓફ ધ મંથ માટે ટ્રેવિસ હેડની પસંદગી




। દુબઈ, તા.૧૧ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ટ્રેવિસ હેડે શાનદાર બેટિંગ કરી ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટથી જીત અપાવી હતી. હેડે ફાઈનલ મેચમાં ૧૨૦ બોલમાં ૧૩૭ રન બનાવ્યા હતા. જેના કારણે તેને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો. હવે આઈસીસીની તરફથી હેડને વધુ એક એવોર્ડ મળ્યો છે. આઈસીસીએ ટ્રેવિસ હેડને નવેમ્બર માટે પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ કર્યો છે. આઈસીસીએ નવેમ્બર ૨૦૨૩ માટે પ્લેયર ઓફ ધ મંથ તરીકે ત્રણ ખેલાડીઓને નોમિનેટ કર્યા હતા. જેમાં ટ્રેવિસ હેડ, ગ્લેન મેકસવેલ અને ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું નામ પણ સામેલ હતું. મેક્સવેલે અફઘાનિસ્તાન સામે બેવડી સદી ફટકારી હતી, જયારે મોહમ્મદ શમીએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ ઝડપી હતી. હેડ શમી અને મેકસવેલથી આગળ નીકળી ગયો છે. એવોર્ડ મળવાની ખુશી વ્યક્ત કરતાં હેડે કહ્યું, 'છેલ્લા ૧૨ મહિના અદ્ભુત રહ્યા છે, જેનો ભાગ બનવું એ ખરેખર એક સૌભાગ્યની વાત છે. અમે ડોમેસ્ટિક સિઝનમાં જે રીતે રમ્યા, તેનો શ્રેય પેટ કમિન્સ, સાથી ખેલાડીઓ અને સ્ટાફને જાય છે. હું નસીબદાર હતો કે મારો હાથ તૂટ્યા પછી પણ તેને વર્લ્ડ કપ માટે મારા પર વિશ્વાસ હતો.' ટ્રેવિસ હેડે વધુમાં કહ્યું, 'મને લાગ્યું કે મેં અત્યાર સુધી જેટલી બેટિંગ કરી છે તેમાંથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન વર્લ્ડ કપ માં હતું. કદાચ દરેક ટુર્નામેન્ટ પહેલા આરામ કરવો જરૂરી છે. આ એવોર્ડથી સન્માનિત થવું ખૂબ જ સન્માનની વાત છે, પરંતુ તે એક આખી ટીમનું પ્રયાસ છે.

### અર્ચનાએ ઈન્સ્ટાગ્રામ પર ફોટોની સિરીઝ શેર કરી

# અર્ચનાએ કપિલ શર્મા અને સુનીલ ગ્રોવરના સમાધન પર સ્પષ્ટતા કરી

### કપિલ શર્મા અને સુનીલ ગ્રોવરના નવા શો ની લોન્ચ પાર્ટીમાં એક સાથે મસ્તી કરતા નજર આવ્યા

। મુંબઈ, તા.૧૧ ।

ધ કપિલ શર્મા શો ની સ્ટાર કાસ્ટને ચાહકો ખૂબ વધુ મિસ કરી રહ્યા છે. શો ની સોશિયલ મીડિયા પર ખૂબ ફેન-ફોલોઈંગ છે, કપિલથી લઈને કૃષ્ણા અભિષેક અને અર્ચના ગૌતમ સુધી સૌની જુગલબંધી દર્શકોને ખૂબ સારી લાગતી હતી. ધ કપિલ શર્મા શો ની અત્યાર સુધી લગભગ ૫ સીઝન પૂરી થઈ ચૂકી છે. જોકે અમુક યુઝર્સ હજુ પણ સુનીલ ગ્રોવરને ખૂબ વધુ મિસ કરે છે. હવે અર્ચના પૂરન સિંહે ઈન્સ્ટાગ્રામ પર ફોટોની એક સિરીઝ શેર કરી છે, જેમાં લોકપ્રિય ટેલીવિઝન કોમેડી જોડી કપિલ શર્મા અને સુનીલ ગ્રોવરના નવા શો ની લોન્ચ પાર્ટીમાં એક સાથે મસ્તી કરતા નજર આવ્યા. તેનાથી બંને વચ્ચે ૫ વર્ષના વિવાદનો પણ અંત આવી ગયો જે ૨૦૧૮માં ઝઘડાના કારણે શરૂ થયો હતો.

ટેલીવિઝન સુપરસ્ટાર કપિલ શર્મા સુનીલ ગ્રોવરની સાથે પોતાના લેટેસ્ટ કોમેડી શો માટે નેટફ્લિક્સની સાથે સહયોગ કરી રહ્યા છે. નવા શો માં સુપરહિટ કોમેડી સીરીઝ ધ કપિલ શર્મા શો ની પૂર્વ સ્ટાર કાસ્ટ હશે, જેમાં કૃષ્ણા અભિષેક, અર્ચના પૂરન સિંહ, રાજીવ ઠાકુર અને કીકૂ શારદા સામેલ છે. અર્ચના પૂરન સિંહની તાજેતરની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ ધ કપિલ શર્મા શો ના ચાહકો માટે કોઈ સરપ્રાઈઝ ગિફ્ટ છે. સમગ્ર દેશે કપિલ શર્મા અને સુનીલ ગ્રોવરને એક સાથે સ્ક્રીન પર જોવા માટે પાંચ વર્ષ સુધી રાહ જોઈ અને આખરે નેટફ્લિક્સ પર નવા કોમેડી શો માં પોતાના સહયોગની સાથે તેઓ દેશમાં ધૂમ મચાવવા તૈયાર છે. આ ફોટોમાં કપિલ શર્મા અને સુનીલ ગ્રોવર બ્લેક કલરના આઉટફિટમાં નજર આવી રહ્યા હતા. તસવીરમાં એવુ લાગી રહ્યુ



હતુ જાણે સુનીલ કંઈક સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય. તેના કેપ્શનમાં અર્ચના પૂરન સિંહે લખ્યુ, 'કિ ચલતે રહેંગે હમસફર, ડાગર કભી અલગ પકડકર, કભી હાથ મેં હાથ, એક સાથ, યૂંહી દેખે, કિ કિતની મોહબ્બત થી તુમ મેં ઔર કિતના સાથ નિભાયા હમને ભી @archanapuransingh Lovely ...kxeo with Netflix'. પોસ્ટને ચાહકો તરફથી ખૂબ પ્રેમ મળી રહ્યો છે. એક યૂઝરે લખ્યુ, ડો. મશહૂર ગુલાટી અને કપિલ શર્મા સાથે છે... કેટલુ સારુ લાગી રહ્યુ છે, બંનેની કોમેડી જોઈને ખૂબ વધુ એક્સાઈટમેન્ટ થઈ રહી છે. એક યૂઝરે લખ્યુ, ફાઈનલી ૫ વર્ષ જૂની દુશ્મની ખતમ થઈ, તમે બંને ધ કપિલ શર્મા શો માં પણ એક સાથે જલ્દી આવો... ખૂબ મજા આવશે. એક અન્ય યૂઝરે લખ્યુ, ડો. મશહૂર ગુલાટીને કપિલની સાથે પાછા જોઈને સારુ લાગ્યુ...આશીર્વાદ, કપિલ શર્મા પરિવાર અને અર્ચના જી તમારા જીવનની કશ્તી એક જ નાવમાં સવાર છે. એકબીજાના તાલમેલ વગર તો સમજો અશક્ય. ખૂબ શુભકામનાઓ બંને પરિવારના સંબંધોને. ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં થયેલા વિવાદ દરમિયાન કપિલ શર્માએ કથિતરીતે સુનીલ ગ્રોવરની સાથે શારીરિક અને મૌખિકરીતે દુર્વ્યવહાર કર્યો હતો.

આ ઘટના બાદ સુનીલે કપિલની સાથે પોતાનો સંબંધ તોડી દીધો અને ટ્વીટર પર એક લાંબો મેસેજ શેર કર્યો, જેમાં કોમેડી કિંગને ખરાબ વ્યવહાર ન કરવાની સલાહ આપવામાં આવી. કપિલ શર્માનું સુનીલ ગ્રોવર સાથે અલગ થયા બાદ ૨૦૧૭માં ધ કપિલ શર્મા શો બંધ કરી દેવાયો હતો. જોકે, આને ૨૦૧૮માં ફરીથી શરૂ કરવામાં આવ્યો. સુમોના ચક્રવર્તી, ભારતી સિંહ, ચંદન પ્રભાકર, કીકૂ શારદા, કૃષ્ણા અભિષેક અને અર્ચના પૂરન સિંહ કપિલની સાથે સામેલ થયા, જે શો નો ચહેરો બની રહ્યા.

### ઓસ્ટ્રેલિયામાં એસીટી પ્રીમિયરની ઘટના

# સ્ટંપ ઊખડવા છતાં બેલ્સ ન પડતાં બેટરને નોટઆઉટ અપાયો




। સિડની, તા.૧૧ ।

ક્રિકેટના મેદાન પર કેટલીકવાર એવી ઘટનાઓ બનતી હોય છે જે જોઈને ક્રિકેટ ચાહકો દંગ રહી જાય છે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચેની મેચ દરમિયાન એન્જેલો મૈથ્યુઝને ટાઈમ આઉટ આપવામાં આવ્યો હતો. તેના એક મહિના બાદ બાંગ્લાદેશી ક્રિકેટર મુશફિકુર રહીમને 'ઓબ્સ્ટ્રેક્ટિંગ ધ બોલ' માટે આઉટ આપવામાં આવ્યો હતો. હવે ઓસ્ટ્રેલિયામાં એસીટી પ્રીમિયર ક્રિકેટ દરમિયાન એક આશ્ચર્યજનક ઘટના બની હતી. મિડલ સ્ટમ્પ ઉખડી ગયા પછી એક બેટ્સમેનને નોટઆઉટ આપવામાં આવ્યો હતો કારણ કે બેલ્સ સ્ટમ્પ અટકી ગઈ હતી. મિડલ સ્ટમ્પ ઉખાડયા પછી પણ ફિલ્ડ એમ્પાયરે બેટ્સમેનને આઉટ આપ્યો ન હતો અને આ ઘટનાના કારણે ક્રિકેટ જગતમાં ક્રિકેટ નિયમોને લઈને ચર્ચા શરુ થઈ ગઈ છે. મળેલા અહેવાલો મુજબ ગિન્નિન્ડેરાના બોલર એંડી રેનોલ્ડ્સે ઓપનર મૈથ્યુ બોસુસ્ટોને બોલ્ડ કર્યો હતો. તેણે મિડલ સ્ટમ્પ ઉખાડી દીધો હતો. તે પછી બોલર પોતાના સાથી ખેલાડી સાથે આ વિકેટની ઉજવણી કરી રહ્યો હતો. મૈથ્યુ પણ પવેલિયન પરત ફરવા લાગ્યો હતો. પરંતુ મેદાન પર થોડી વારમાં જ માહોલ બદલાઈ ગયો હતો. બંને ફિલ્ડ એમ્પાયરે એકબીજા સાથે વાતચીત કરી અને મૈથ્યુને નોટઆઉટ આપ્યો હતો. મેલબર્ન ક્રિકેટ ક્લબના કાયદા ૨૯ મુજબ બેટ્સમેનને ક્રિકેટમાં ત્યારે જ બોલ્ડ ગણવામાં આવશે જ્યારે બેલ સંપૂર્ણપણે વિખરાયેલા હોય અથવા એક કે બે સ્ટમ્પ જમીન પરથી સંપૂર્ણપણે ઉખડી ગયા હોય.

## ૨૦૨૩માં બ્રિટને ભારતીયોને સૌથી વધુ વિઝા ઈશ્યુ કર્યા

। લંડન, તા.૧૧ ।

વિદેશ જવાનો ભારતીયોમાં ક્રેઝ હજુ પણ યથાવત્ છે. બ્રિટન દ્વારા જારી કરાતાં તમામ વિઝામાં ભારતીયોને અપાયેલા વિઝાની સંખ્યા લગભગ એક તૃતીયાંશ જેટલી છે. આ સાથે જ બ્રિટનના સૌથી વધુ વિઝા મેળવનારા લોકોમાં ભારતીયો ટોચે પહોંચી ગયા છે. જ્યારે ૧૩% સાથે ચીનના નાગરિકો આ યાદીમાં બીજા ક્રમે છે. બ્રિટનના વિઝાની માગને જોતાં વીએફએસ ગ્લોબલનું કહેવું છે કે તે ફક્ત બ્રિટન માટે પ્રયાગરાજ, ભુવનેશ્વર, કાલીકટ, દહેરાદૂન, ઈન્દોર અને થાણે જેવા અનેક ટુ ટિયર શહેરોમાં અસ્થાયી કેન્દ્રો શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. દુનિયાભરના યાત્રીઓ માટે એક લોકપ્રિય ડેસ્ટિનેશન બ્રિટને ૨૦૨૩માં ૧૮ લાખથી વધુ વિઝિટર વિઝા ઈશ્યૂ કર્યા હતા.

### ઔદ્યોગિક ઇન્જનિયરિંગ સિગ્મેન્ટમાં મહત્તમ કદમ

# શુગર મિલ ઉદ્યોગ માટે વિશ્વનાં સૌથી મોટાં ગિયરબોક્સમાનું એક ગિયરબોક્સ લોન્ચ

### આ ગિયરબોક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સુગર મિલોની પ્રક્રિયાઓને સશક્ત અને યથાર્થ બનાવી રહ્યું છે

। અમદાવાદ, તા.૧૧ ।

મિલ ગિયર્સ પ્રાઈવેટ લિમિટેડ, ગુજરાતની સૌથી અગ્રણી પ્રમુખ ઉદ્યોગ નવીકરણમાં, ખાસ કરીને શુગર મિલ ઉદ્યોગ માટે બનાવવામાં આવેલા વિશ્વના સૌથી મોટાં ગિયરબોક્સમાનું એક ગિયરબોક્સ લોન્ચ કર્યુ છે. આ ક્રાંતિકારી ઉત્પાદન ઔદ્યોગિક ઈન્જનિયરિંગ સિગ્મેન્ટમાં એક મહત્તમ કદમ મૂકવાની આશામાં છે અને કાર્યક્ષમતા અને પ્રદર્શનમાં નવું માપદંડ સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે.

ગિયરબોક્સ, આ પ્રદેશમાં તેના પ્રકારનું પ્રથમ, ચોકસાઈ ઈજનેરી અને અદ્યતન ઉત્પાદનનું પ્રમાણપત્ર છે. જ્યારે સુગર મિલની કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી સુનિશ્ચિત કરવાની વાત આવે છે, ત્યારે ગિયરબોક્સ બેજોડ કાર્યક્ષમતા, વિશ્વસનીયતા અને ટકાઉપણું ધરાવે છે.

આ ગિયરબોક્સ વધુ અને તેનું સ્થિરતાનું તથા ચમકદાર ટેક્નોલોજીનું ઉપયોગ કરીને સુગર મિલોની પ્રક્રિયાઓને સશક્ત અને યથાર્થ બનાવી રહ્યું છે અને ઉત્પાદકતાને વધારી રહ્યું છે. આ પ્રોડક્ટ નવા ઉદ્યોગના માનક સ્થાપિત કરવામાં સફળતા પામી રહ્યું છે. આ માઈલસ્ટોન મહારાષ્ટ્રના સતારામાં આવેલ જરાંદેશ્વર સુગર મિલમાં પાંચ કટીંગ એજ ગિયરબોક્સની સ્થાપના દ્વારા ચિહ્નિત થયેલ છે. આ સ્થાપનની મીલ ગિયર્સ પ્રાઈવેટની એક નિર્ણાયક ટેક્નોલોજી અને સફળતાનું ચિહ્ન છે.

લિમિટેડ અને આ નવી યુગની ટેક્નોલોજીનો ઉપયોગ કરતા એમ એસ જરાંદેશ્વર શુગર મિલે પ્રતિદિન ૨૪૦૦૦ ટન ના સુગરકેનને ક્રશ કરી તેમને એશિયાની મોટી ચાલુ રહેલી શુગર મિલસમાન બનાવે છે.

અપૂર્વ કુસુમગર, ડિરેક્ટર અને સીઈઓ - મિલ ગિયર્સ પ્રાઈવેટ લિમિટેડ જણાવ્યુ હતું કે, આ ઈનોવેશન એ ઈજનેરી શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને અમારા ગ્રાહકોને ઉચ્ચ-ગુણવત્તાવાળી, કાર્યક્ષમ મશીનરી પહોંચાડવાના અમારા અવિરત પ્રયાસનો પુરાવો છે.''

### નિજ્જર હત્યા મામલે સિક્રેટ મેમો વિવાદમાં

# યુએસને સિક્રેટ મેમો આપ્યાના અહેવાલો ભારતે ફગાવ્યા હતા

### ભારતે ઉત્તર અમેરિકામાં સ્થિત વાણિજ્ય દૂતાવાસને એક સીક્રેટ મેમો મોકલ્યો હોવાના એહેવાલ ફેક છે



। વોશિંગ્ટન, તા.૧૧ ।

ભારત અને કેનેડા વિવાદ વચ્ચે આપણા વિદેશ મંત્રાલયે તાજેતરમાં ફરતા થયેલા ઘણાં અહેવાલોને રદીયો આપ્યો જેમાં દાવો કરાયો હતો કે ભારતે શીખ અપ્રવાસી સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે ઉત્તર અમેરિકામાં સ્થિત વાણિજ્ય દૂતાવાસને એક સીક્રેટ મેમો મોકલ્યો હતો. ભારતે આ મેમો ફેક ગણાવ્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે આ રિપોર્ટ નકલી અને સંપૂર્ણ રીતે બનાવટી છે. આ માત્ર ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર છે. આ કોઈ મેમોરેન્ડમ નથી. આ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા દ્વારા ફેલાવવામાં આવેલું જૂઠ્ઠાણું છે. જે કોઈ પણ આ ફેક ન્યૂઝ ફેલાવી રહ્યું છે તે તેની પોતાની વિશ્વસનીયતા પર જ સવાલો ઉભા કરી રહ્યો છે. બાગચીએ સોશિયલ મીડિયા પર આ મામલે નિવેદન જાહેર કર્યું હતું. વિદેશી મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતે એપ્રિલ ૨૦૨૩માં એક સીક્રેટ મેમો જારી કર્યો હતો. આ મેમોમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર સહિત ઘણા શીખ ભાગલાવાદીઓની યાદી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે નિજ્જરની હત્યાના બે મહિના પહેલા જ ભારતે આ મેમો મોકલ્યો હતો.

## તંત્રી લેખ...

# જો પૃથ્વીની ભ્રમણકક્ષાની ઝડપ વધે તો વર્ષનો સમયગાળો ટૂંકો થઈ જશે

પૃથ્વીની ભ્રમણકક્ષાની ગતિમાં વધારો થવાથી પૃથ્વીની આસપાસની ભ્રમણકક્ષામાં રહેલા ઉપગ્રહો પર અસર થઈ શકે છે. ઉપગ્રહો સામાન્ય રીતે સંચાર, હવામાન નિરીક્ષણ અથવા પૃથ્વી અવલોકન જેવા વિવિધ કાર્યો કરવા માટે ચોક્કસ ભ્રમણકક્ષા જાળવી રાખે છે. પૃથ્વીની ભ્રમણકક્ષાની ગતિમાં ફેરફારને કારણે પૃથ્વીની સપાટીની તુલનામાં તેમની ઈચ્છિત સ્થિતિ જાળવવા માટે ઉપગ્રહ ભ્રમણકક્ષામાં ગોઠવણોની જરૂર પડી શકે છે. પૃથ્વી દ્વારા સૂર્યની આસપાસ એક પરિક્રમા પૂર્ણ કરવામાં જે સમય લાગે છે તેને એક વર્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જો પૃથ્વીની ભ્રમણ કક્ષાની ઝડપ વધે તો વર્ષનો સમયગાળો ટૂંકો થઈ જશે. આનો અર્થ એ છે કે ઋતુઓ વધુ ઝડપથી બદલાશે, અને કેલેન્ડર વર્ષમાં ઓછા દિવસો હશે. પૃથ્વીની આબોહવાની પેટર્ન તેની ભ્રમણકક્ષા અને તેની ધરીના ઝુકાવથી પ્રભાવિત થાય છે. ભ્રમણકક્ષાની ગતિમાં ફેરફાર સમગ્ર ગ્રહ પર સૌર ઊર્જાના વિતરણને અસર કરશે, જે સંભવિતપણે હવામાનની પેટર્ન અને આબોહવા ઝોનમાં ફેરફાર તરફ દોરી જશે. તે તાપમાનના ઢાળ, વરસાદની પેટર્ન અને સમગ્ર આબોહવા સમતુલાને અસર કરી શકે છે. પૃથ્વી પર ચંદ્ર અને સૂર્યનું ગુરુત્વાકર્ષણ ખેંચાણ ભરતીનું કારણ બને છે. પૃથ્વીની પરિભ્રમણ ગતિમાં વધારો ભરતી દળોને અસર કરી શકે છે. ઉચ્ચ ભ્રમણકક્ષાની ગતિ થોડી મજબૂત અથવા વધુ ભારે ભરતી તરફ દોરી શકે છે, જે દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઇ ઈકોસિસ્ટમને અસર કરી શકે છે. પૃથ્વીની ભ્રમણકક્ષા સૂર્યના ગુરુત્વાકર્ષણ આકર્ષણ અને તેની પોતાની જડતા વચ્ચે સંતુલિત છે. ઝડપમાં નોંધપાત્ર વધારો આ નાજુક સંતુલનને વિક્ષેપિત કરી શકે છે, જે સંભવિતપણે વધુ લંબગોળ ભ્રમણકક્ષા તરફ દોરી શકે છે અથવા અન્ય અવકાશી પદાર્થો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, જે સૂર્યમંડળમાં પૃથ્વીની સ્થિરતા પર લાંબા ગાળાના પરિણામો લાવી શકે છે. ભ્રમણ કક્ષાની વધેલી ગતિ ઉપગ્રહો અને અવકાશ મિશન પર પણ અસર કરશે. પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહો બદલાયેલા માર્ગનો અનુભવ કરશે અને તેમની ઈચ્છિત સ્થિતિ જાળવી રાખવા માટે ગોઠવણોની જરૂર પડશે. પૃથ્વીની ભ્રમણકક્ષાની બદલાયેલી ગતિશીલતાને કારણે અવકાશ મિશનનું લોન્ચિંગ અને નેવિગેટ કરવું વધુ પડકારજનક બનશે. આબોહવાની પેટર્ન અને ઋતુઓના સમયના ફેરફારોની માનવ પ્રવૃત્તિઓ જેમ કે કૃષિ, જળ સંસાધન વ્યવસ્થાપન અને મોસમી ચક્ર સાથે જોડાયેલ સાંસ્કૃતિક પ્રથાઓ પર વિવિધ અસરો હોઈ શકે છે. તેને ખેતીની પદ્ધતિઓ, પાણીની ફાળવણીની વ્યૂહ-રચનાઓમાં ગોઠવણોની જરૂર પડશે અને ચોક્કસ ઋતુઓ સાથે જોડાયેલી અમુક સાંસ્કૃતિક અને પરંપરાગત ઘટનાઓને અસર કરશે. ગુરુત્વાકર્ષણના કારણે પ્રવેગક બે પદાર્થો અને તેમના સમૂહ વચ્ચેના અંતર પર આધારિત છે. જેમ જેમ પૃથ્વીની ભ્રમણકક્ષાની ઝડપ વધે છે તેમ તેમ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના ગુરુત્વાકર્ષણ ખેંચાણને અસર થશે. બદલાયેલ ગુરુત્વાકર્ષણ બળો સૂર્યમંડળમાં અન્ય અવકાશી પદાર્થોની ભ્રમણકક્ષા પર સૂક્ષ્મ અસર કરી શકે છે. મંગળ અથવા શુક્ર જેવા અન્ય ગ્રહો પર પૃથ્વીનો ગુરુત્વાકર્ષણ પ્રભાવ બદલાયેલ ભ્રમણકક્ષાની ગતિ સાથે બદલાઈ શકે છે.

## જમ્મુ-કાશ્મીરમાં સીમાંકનનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું હતું

કાશ્મીરની પ્રજા ઘણા લાંબા સમયથી એક પ્રકારનું એડહોક જીવન જીવે છે. તેઓ ખુદ સમયની એક લાંબી ટનલમાં ફસાયેલા છે. ક્યારેક એમ લાગે છે કે એમને એમાંથી બહાર લાવવા માટેના રેટ માઈનરો કોઈ પાસે નથી. દરેક નવો રાજનેતા અને દરેક નવી સરકાર અનેક આશાઓ સાથે ક્ષિતિજે ઉદયમાન થાય છે પણ પછી ખબર પડે છે કે એની એ જ કથાની આ એક નવી કથનરીતિ છે. દીકરો કે દીકરી ઘરની બહાર જાય પછી જ્યાં સુધી પાછા ન ફરે ત્યાં સુધી જે મા નો જીવ અદ્ધર રહેતો હોય એનો રાજા વીરપુરુષોની યાદીમાં સમાવિષ્ટ ન કહેવાય એમ પ્રાચીન સુભાષિતો કહે છે. પંચોતેર વરસ પછી પણ જ્યાં લોકશાહીના સૂરજ પર નવા નવા નામે એક પછી એક ધુમ્મસ બાઝી ગયેલા રહે છે એ જમ્મુ અને એ કાશ્મીર ભારતીય પ્રજાના હૃદયમાં જેવું વિલસે છે તેવું તો આ પૃથ્વી પર નથી. કલ્પના અને વાસ્તવ વચ્ચે ઊંડી ખીણ છે. લોકસભામાં જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલને મંજુરી મળ્યા પછી, એવી આશા છે કે ત્યાં ટૂંક સમયમાં લોકતાંત્રિક પ્રક્રિયા પુનઃસ્થાપિત થશે. આવું જો કે ઘણા સમયથી સહુને લાગે છે પણ એમ થતું નથી. જ્યારે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું ત્યારે તો આખી દુનિયાને એમ લાગતું હતું કે હવે ચૂંટણીનું જાહેરનામું બહાર પડશે. જમ્મુ-કાશ્મીરમાં સીમાંકનનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું હતું અને સરકાર કહેતી હતી કે સીમાંકનનું કામ પૂર્ણ થયા બાદ ત્યાં ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી શકાશે એ વાત પણ એક પરીકથા જ સાબિત થઈ છે. હવે તો સ્પષ્ટ છે કે આગામી લોકસભાની ચૂંટણી પહેલા સરકાર એ તરફ નજર પણ નાંખશે નહિ. હવે અનામત અને પુનર્ગઠન કાયદામાં સુધારા બાદ વિધાનસભાની બેઠકોની સંખ્યા એકસો સાતથી વધીને ૧૧૪ થઈ ગઈ છે. તેમાંથી નવ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવી છે. અતિ સંવેદનશીલ ખીણ વિસ્તારમાંથી વિસ્થાપિત લોકો માટે બે બેઠકો અને એક બેઠક પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોના પ્રતિનિધિ માટે અનામત રાખવામાં આવી છે. લોકસભામાં આ બિલો પર ચર્ચા દરમિયાન ગૃહમંત્રીએ કહ્યું કે આનાથી વિસ્થાપિત લોકોને તેમના અધિકારનો અવાજ ઉઠાવવામાં મદદ મળશે. જો કે જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં સક્રિય પક્ષોએ સીમાંકન અંગે વિવિધ વાંધાઓ નોંધાવ્યા હતા અને સીમાંકન પ્રક્રિયાને સહકાર ન આપવાનો નિર્ણય કર્યો હતો, તેમ છતાં સ્થાનિક લોકોની ચાહત અને ઈચ્છાઓ અનુસાર પુનર્ગઠન અધિનિયમને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં વિસ્થાપિત લોકો માટે સીટો અનામત રાખવાનો શ્રેય સરકાર ગર્વથી લઈ રહી છે. ચોક્કસપણે, આ એક મોટો નિર્ણય કહી શકાય, કારણ કે જ્યારે કોઈપણ વર્ગને રાજકીય પ્લેટફોર્મ અને કાયદો બનાવવાનો અધિકાર મળે છે, ત્યારે તેના માટે તેના પક્ષે નિર્ણય લેવાનું સરળ બને છે. અત્યાર સુધી, કાશ્મીરમાંથી સ્થળાંતર કરીને અન્ય વિસ્તારોમાં સ્થાયી થયેલા લોકોએ ફરિયાદ કરી હતી કે તેઓને સિસ્ટમની મુખ્ય ધારાથી અલગ રાખવામાં આવ્યા છે.

# ઝંખના અને જિજ્ઞાસા બંને શબ્દમાં તત્વતઃ તફાવત છે, ઝંખના મનની તૃપ્તિ દર્શાવે છે, જ્યારે જીજ્ઞાસા જ્ઞાનની ઉત્કંઠા દર્શાવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવને ત્રિકાળનો દોષ લાગ્યો છે, એટલે કે આવતીકાલે શું થશે? એવું વિચારવાની તેની ટેવને કારણે ક્યારેક એવું લાગે તે વર્તમાન માંથી આનંદ લઈ શકતો નથી, અને સંતોષની તેની ધરોહર ક્યારે બની શકતી નથી, એટલે સીધા સાદા શબ્દોમાં કહીએ તો તેને નથી પોતાની પર ભરોસો, નથી પોતાના કર્મ પ્રત્યે ભરોસો, નથી પ્રારબ્ધ પર ભરોસો કે, નથી ઈશ્વર પ્રત્યે ભરોસો,અને તેને કારણે આખી જિંદગી આમ અહીં તહીના ભટકાવમાં જાય છે. આપણી પાસે શું છે, તેનું મહત્વ જ્યાં સુધી સમાજના ધનિક વર્ગ સામે જોઈએ તો ક્યારેય થાય નહીં. પરંતુ ક્યારેક ક્યારેક ઝુપડપટ્ટી તરફ નજર કરીએ, તો ઈશ્વર પ્રત્યે થોડા આભારના ઉદગાર જરૂર નીકળે. ચંદ્ર પણ પૂનમનો ક્યારેય એકધારો આકાશમાં રહેતો નથી, તેને પણ પોતાની કલા વધતી ઓછી કરવી પડે છે. તેમ અહીં દરેકની કલા ચડતી અને ઘટતી હોય છે, એ સત્યને સ્વીકારી લેવાથી થોડું સમસ્યા સામે સમાધાન મેળવી શકાય. ઓશોનું હમણાં જ એક વાક્ય વાંચ્યું કે બહારની વસ્તુઓ માટે કદાચ આપણો વિશ્વાસ દ્રઢ ન હોય તો અન્યના કહેવા પ્રમાણે આપણે અનુસરીએ તો જીવનમાં આગળ ચાલી શકાય, પરંતુ આપણા આંતરિક ઉદ્ધારની વાત હોય ત્યાં કોઈ એક તત્વ પ્રત્યે ભરોસો હોવો બહુ જ જરૂરી છે, અને તો જ ત્યાં ઉત્થાનની ક્રિયા આગળ સંભવ છે. પરંતુ એની માટે જ્ઞાનની જિજ્ઞાસા હોવી જરૂરી છે. તો આજે આપણે જિજ્ઞાસા શબ્દ પર થોડું ચિંતન કરીશું.

ઝંખના અને જિજ્ઞાસા આ બંને શબ્દમાં તત્વતઃ તફાવત છે, ઝંખના શબ્દમાં ક્યાંક ઈચ્છા કે એષણાનો એટલે કે ભોગનો ધ્વનિ વરતાય. મનની અતૃપ્ત ઈચ્છાઓ પૂર્ણ થાય એવો ભાવ હોય તેને ઝંખના કહેવાય, જ્યારે જીજ્ઞાશા શબ્દમાં જીવની જ્ઞાન કે પરમતત્વનું જ્ઞાન મેળવવાની ઈચ્છા આપણે જિજ્ઞાસા કહીએ છીએ. પરંતુ સંસારી અને ભોગી જીવને જ્ઞાન પણ કેવું અને કેટલું હોય, એટલે તેની માટે એકંદરે આશા પણ એટલી ઊંચી હોય નહીં. વધી વધીને પરમ તત્ત્વ શું છે? અથવા તો ઈશ્વર આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન આમ કેમ કરી રહ્યો છે? એટલે કે મહામારી, ઋતુચક્રનો બદલાવ, અતિવૃષ્ટિ ધરતીકંપ કે પછી અન્ય કોઈ કુદરતી હોનારત જોઈએ, ત્યારે આપણા મનમાં આવો ભાવ આવે, અને એવી દ્વિધા પણ હોય! તો પછી સવાલ એ થાય કે સાચું જ્ઞાન શું છે! અને એ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય?

પ્રથમ તો આત્મતત્વને જોયા જાણ્યા વગર જે પરમાત્મ તત્વને જોવા-જાણવા કે માણવા નીકળે તો તેની યાત્રા સફળ થતી નથી. પહેલા તો દેહમાં રહેલ દેહી પ્રત્યેનું જ્ઞાન પ્રાપ્ત થવું પૂર્ણ આવશ્યક છે, અને જ્યાં સુધી દેહ એ સ્વયં સંચાલિત છે, એવો ભાવ રહે એટલે કે મારા કરવાથી આ બધું થાય છે, એવો ભાવ હોય, ત્યાં સુધી આ યાત્રા આગળ ચાલી શકતી નથી. ટૂંકમાં હું પણું છૂટે, ત્યારે જ જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય છે. વિવેકી હોવું, નમ્ર હોવું, અને શરણાગત હોવું, એમાં ઘણો તફાવત છે. શરણાગત એટલે કે હું અહીં કંઈ જ કરતો નથી, હે ઈશ્વર આ મારો દેહ તું સંચાલિત કરી રહ્યો છે, એ વાત પર પૂર્ણ વિશ્વાસ છે, એવું જ્ઞાન જ્યારે થાય, ત્યાર પછી જિજ્ઞાસા થાય છે, કે તો પછી તારું વિરાટ સ્વરૂપ કેવું હશે,કે જે સમગ્ર સૃષ્ટિનુ સંચાલન બખૂબી કરે છે, અને એ પણ એક પણ ભૂલ વગર! એટલે ક્યારેક જિજ્ઞાસા આશ્ચર્ય પણ જન્માવતી હોય છે. આ યાત્રાની સફર એકલાં થતી હોય, પણ અજાણ્યા રસ્તે કોઈ આંગળી પકડીને દોરી જાય તો, બહુ સ્વાભાવિક રીતે જ આપણે જલ્દી પહોંચી શકીએ છીએ, એ સત્યને સ્વીકારીને કોઈ નિશ્ચિત ચરણમાં આપણી જાતનું સમર્પણ કરી દઈએ, તો આ ગેબ અને ગેબીનાં રહસ્ય જલ્દી સમજાય, અને ઈશ્વર તત્વને માણી શકાય. જીવની જિજ્ઞાસાની તીવ્રતા જેટલી વધુ, એટલું પરિણામ વધુ ફળદાયી બને. એટલે કે ઉત્કંઠ જિજ્ઞાસા હોય તો એ બાકી બધી જ વસ્તુને ગૌણ બનાવી દે અને, જ્યાં સુધી આ રહસ્ય જાણવા ન મળે ત્યાં સુધી તેની માટે દુનિયાના બધા જ વ્યવહારો ગૌણ બની જાય છે, અને તેની પ્રથમ જરૂરિયાત માત્ર ને માત્ર પરમાત્મા તત્વનું અનુસંધાન કેળવવું એ રહે છે.

પરંતુ આધુનિક માનવ ઝંખના અને જિજ્ઞાસાની એક જ વ્યાખ્યા કરતો થઈ ગયો છે, અને ઝંખના માટે બાકી બધી જ ક્રિયાઓ તેની માટે ગૌણ બની જાય છે, અને તેની પ્રાથમિકતા કે જરૂરિયાત માત્ર ને માત્ર ઝંખના પૂર્ણ કરવી એ જ બની રહે છે, એટલે જોઈએ તેટલું પરિણામ મળતો નથી. નહીતો આજના આ યુગમાં ધર્મ સભાઓ પણ ખૂબ થાય છે, હરી કથાનું આયોજન પણ ખૂબ થાય છે, કુંભમેળાના મોટા મોટા આયોજન થાય છે, તેમજ તત્વચિંતકો પણ પોતાની રીતે સત્વ તત્વનું સંતુલન કઈ કઈ રીતે કરી શકાય, એ વિશે મીમાંસા કરતા જોવા મળે છે. પરિણામે ૫૦૦૦૦૦ માંથી પાંચ જણા પણ સમાજમાં સુધરતા હોય તો ખોટ નથી, એવું વિચારીને આ પ્રકારના આયોજનો વધુને વધુ થતા હોય છે. એટલે ઘણીવાર સામ્પ્રત સમાજની આ અતિ ભ્રષ્ટ અને ઉગ્ર એટલે કે હિંસા ધરાવતી વૃત્તિઓ આખરે ક્યાં લઈ જશે એવી કરુણા થાય, પણ અંતે તો એણે જે વિચાર્યું હશે તે જ થશે, અને તે સારા માટે જ થઈ રહ્યું છે, એ પૂર્ણ ભરોસો છે. કારણ કે કળિયુગ પછી ક્રમમાં સતયુગ આવે છે. એટલે અંદરો અંદરનો આ ભાવ લોકોને પોતાના પતન તરફ લઈ જઈ રહ્યો છે, એ જ્યાં સુધી ખુદને સમજાય નહીં, ત્યાં સુધી કોઈ સમજાવી શકે નહીં, અને એ રીતે ધીરેધીરે કા વૃત્તિ ખત્મ થશે, અને કા વ્યક્તિ ખત્મ થશે, પછી જે બચે તે બધા જ શુભ મંગલ નું ગાન કરનારા હશે.આ વાક્ય સદગુરુ દેવનાં આજથી પચાસ વર્ષ પહેલાંના છે. દ્વાપરમાં કૃષ્ણની સૌથી મોટી પીડા એ રહી કે યાદવ કુળનો નાસ અંદરોઅંદરના વૈમનસ્યને કારણે થયો, એ જ રીતે કળિયુગનો અંત પણ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠાએ અંદરોઅંદરના વિદ્રોહને કારણે થશે.

બ્રહ્મજ્ઞાન માટે હિંદુ સંસ્કૃતિમાં ઉત્તમોત્તમ શાસ્ત્રો છે, એટલે કે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, અને શ્રીમદ્ ભાગવત, આ ઉપરાંત અન્ય ધર્મના પણ ગ્રંથો હોઈ શકે, જે જીવને સ્પષ્ટપણે જીવ શિવ નો તફાવત બતાવે, અને શિવ તરફ કઈ રીતે આગળ વધી શકાય, જીવ શિવ એકાકાર, કે મિલન કઈ રીતે થાય, આ બધું જ એ શાસ્ત્રોમાં છે, અને એનો અર્થ કરી શકીએ એટલા તો સાક્ષર પણ છીએ. પરંતુ બે શ્લોક વચ્ચેનો શૂન્યાવકાશ પણ જ્યારે બોલે, અથવા તો એનો અર્થ પણ સમજાય ત્યારે શાસ્ત્ર આત્મસાત કર્યું એમ કહી શકાય, અને પછી જ્ઞાન વિશેની જે આશા જાગે તે જિજ્ઞાસા છે. પરંતુ વિજ્ઞાનની ચકાચૌંધમાં માનવી જ્ઞાન વિશેની જીજ્ઞાસા કરતા બંધ થઇ ગયો છે, દેહથી આગળનું કે દેહની અંદરનું સત્ય તેને દેખાતું નથી, એટલે બહાર વિષમ પરિસ્થિતિમાં જીવનારા પ્રત્યે સંવેદના નથી, અને પોતે પોતાની જિંદગી વેડફી રહ્યો છે, એવી વેદના પણ નથી. અમુક વાત એવી હોય કે તેમાં ખુદની મરજી ન હોય તો કંઈ ન થઈ શકે, એટલે કે જાણકારી ઘણી છે, પરંતુ એ મેળવવા માટેની એકાદ ક્રિયા પણ સક્રિય થાય તો જ આ યાત્રા સંભવ બને.

બીજી એક ભૂલ માનવીની એ છે કે પ્રાથમિક માથી હાઈસ્કૂલમાં, હાઈસ્કુલ માંથી કોલેજમાં, કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે, એટલે પોતે પૂર્ણ જ્ઞાની. પરંતુ એને અક્ષર જ્ઞાની કહેવાય. બ્રહ્મજ્ઞાન તો બધાંની વચ્ચે રહીને બધાંને સમસ્યા સાથે સ્વીકારવાથી મળે. ઈશ્વરનાં રૂપ સ્વરૂપની ધારણા કરી તેનું અનુસંધાન કરવું, અને ઈશ્વરને અન્યમા જોઈ અને તેની સાથે પ્રેમભર્યો સંબંધ કેળવીયે! આ બંનેમાં ઘણો તફાવત છે. એકમાં માત્ર કાલ્પનિક અનુભૂતિ છે, અને બીજામાં એના સાનિધ્યનો પણ અનુભવ ભળે છે. બ્રહ્મજ્ઞાન કે પરમ જ્ઞાનની જો સીધી સાદી વ્યાખ્યા કરવામાં આવે તો, સમય સંજોગ, કે પછી સમસ્યાનો ત સ્વીકાર, છતાં સહજ થઈ શકવાની સમજ જેને પ્રાપ્ત થાય તે બધા જ બ્રહ્મજ્ઞાની છે, એમ કહી શકાય. આપણે જિજ્ઞાસા પ્રત્યે થોડા જાગૃત થઈએ, તેની તીવ્રતા વધારીએ, એ પ્રકારનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી જીવનને સરળ અને મધુર બનાવીએ, અહીં જ ઈશ્વરને અનુભવીએ, અને એકમેકમાં પરમાત્મ તત્વના દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જો ઈશ્વર શુદ્ધ સ્વરૂપે આવે તો જેમને-જેમને તેનાં દર્શન થાય તેમને આ સંસારથી મુક્તિ મળી જાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભગવાન માટે જાગે તેને ભગવાન મળે, કબીરજી કહે છે કે, દુનિયા કેવી સુખથી ખાય છે અને ઊંઘે છે. દુઃખી માત્ર હું છું, જાગું છું અને રોઉં છું. પણ રુદન મને વહાલું છે. ભક્તો કબીરની પેઠે જાગે છે અને રુવે છે અને તેમાં આનંદ માણે છે. આવી રીતે કંસે દેવકીનાં છબાળકો નો નાશ કર્યો છે. માયાનો આશ્રય કર્યા વગર ભગવાન અવતાર ધારણ કરી શકતા નથી. શુદ્ધ બ્રહ્મનો અવતાર થઈ શકતો નથી.ઈશ્વર શુદ્ધ સ્વરૂપે આવે તો જેને જેને તેનાં દર્શન થાય તેને મુક્તિ મળી જાય. નિવારણ બ્રહ્મ સાક્ષાત્કાર થાય તેને મુક્તિ મળે છે. માયાવરણ યુક્ત બ્રહ્મનાં દર્શન થાય તેને મુક્તિ મળતી નથી. યોગમાયા આવ્યાં. યોગમાયા દેવકીના સાતમા ગર્ભને રોહિણીના ઊદરમાં સ્થપાવે છે. રોહિણી સગર્ભા થયાં અને દાઉદજી મહારાજ પ્રગટ થયા. ભાદરવા સુદ બીજના રોજ. બળદેવ એ શબ્દબ્રહ્મનું સ્વરૂપ છે. શબ્દબ્રહ્મ પહેલાં આવે તે પછી પરબ્રહ્મ આવે, શ્રીકૃષ્ણ આવે. જે બીજાને યશ આપે,પોતે લે નહીં તે યશોદા. યશોદા સર્વને રાજી કરતાં હતાં. સર્વને યશ આપો અને અપયશ તમારા માથે રાખો તો ઠાકોરજી પ્રસન્ન થશે, પણ જીવ એવો દુષ્ટ છે કે, પોતાના માથે યશ રાખે અને અપયશ બીજાને માથે રાખે છે.

સર્વને આનંદ આપે તે નંદ. વાણી, વિચાર, વર્તન-સદાચારથી જે સર્વને આનંદ આપે તેને ત્યાં ભગવાન આવે છે. નંદબાબાએ સર્વને આનંદ આપ્યો છે, જે સર્વને આપે છે, તેને ત્યાં પરમાનંદ આવે છે.બધા ગોવાળો શાંડિલ્ય ઋષિ પાસે આવી કહે, મહારાજ, કાંઈક કરો કે જેથી નંદજીના ઘરે છોકરા થાય. શાંડિલ્ય ઋષિના કહેવાથી બધા એકાદશીનું વ્રત કરે છે. એકાદશી મહાન વ્રત છે. એકાદશીના દિવસે પાન-સોપારી ખવાય નહીં, દિવસે સૂવાય નહીં. ફળાહાર પણ થોડો જ કરવાનો. બારસે શું જમવાનું કરશું તેનો વિચાર એકાદશીએ કરો તો એકાદશીનો ભંગ થશે. એકાદશીને દિવસે ખૂબ ભાગવત સ્મરણ કરો! ભાદરવા સુદ અગિયારસથી ગોકુળના બધા માણસો નિર્જળા એકાદશી વગેરે વ્રતો કરી તપશ્ચર્યા કરે છે, તેથી તે પછી ભગવાન ગોકુળમાં આવે છે. આખું ગામ વ્રત કરે છે. બાળકો પણ કરે છે. પ્રત્યેકને એવું લાગે છે કે,હું નંદ બાબા માટે તપ કરું છું.

આ બાજુ દેવકીને આઠમો ગર્ભ રહ્યો. કંસે સેવકોને કહ્યું, સાવધાન રહેજો, મારો કાળ હવે આવશે. સેવકોએ કહ્યું, અમે ઊંઘતા નથી, ખડો પહેરો ભરીએ છીએ.બાળક થશે એટલે ખબર આપીશું.દેવકી ના ગર્ભમાં રહેલા નારાયણની દેવો પ્રાર્થના કરે છે.આપ સત્ય સ્વરૂપ છો. ત્રિકાલાબાધિત છો. અમને આપેલું વરદાન સત્ય કરવા આપ પધારો છો. આપની જય હો. દેવોએ દેવકીને આશ્વાસન આપ્યું. જીવને ઈશ્વર વિના જ્યારે ચેન પડતું નથી, જ્યારે જીવ તરફડે છે, અતિ આતુર બને છે ત્યારે જ પ્રભુ નો અવતાર થાય છે. ચંદ્ર રોહિણી નક્ષત્રમાં આવ્યો, દિશાઓ સ્વચ્છ થઈ ગઈ,આકાશ નિર્મળ થયું,નદીઓનાં પાણી નિર્મળ થયાં,વનરાઈઓમાં પક્ષી ઓ અને ભમરાઓ કલ્લોલ કરવા લાગ્યાં. શીતળ,સુગંધી તથા પવિત્ર વાયુ વાવા લાગ્યો.મહાત્મા પુરુષો નાં મન પ્રસન્ન થયાં,સ્વર્ગમાં દુદુંભિ ઓ વાગવા માંડ્યાં. મુનિઓ અને દેવતાઓ આનંદમાં આવી જઈને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. પરમ પવિત્ર સમય પ્રાપ્ત થયો.

શ્રાવણ માસ, શ્રીકૃષ્ણ પક્ષની અષ્ટમીએ મધ્યરાત્રિએ દેવકી-વસુદેવ સમક્ષ ચતુર્ભુજ નારાયણ ભગવાન પ્રગટ થયા. ભગવાને શ્રીહસ્તમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કર્યાં છે. મારાં ચરણનો આશ્રય કરશે તેના ધર્મ, અર્થ, કામ, મોક્ષએ ચારે પુરુષાર્થો હું સિદ્ધ કરી આપીશ.એ બતાવવા માટે ચતુર્ભુજ સ્વરૂપ છે. પરમાત્મા વિશેષમાં બોધ આપે છે કે, મારા ભક્તોનું હું ચારે કોરથી રક્ષણ કરું છું. અતિ દીન બની વસુદેવ-દેવકીએ ઈશ્વરનું આરાધન કર્યું.પછી ચતુ ર્ભુજ સ્વરૂપ અદૃશ્ય થયું અને બે હાથવાળા બાળ કનૈયાલાલ પ્રગટ થયા. બાળ કનૈયાલાલ કી જય! વસુદેવ શુદ્ધ સત્ત્વગુણનું સ્વરૂપ છે. શુદ્ધવિશુદ્ધ ચિત્ત એ વસુદેવ છે. દેવકી એ નિષ્કામ બુદ્ધિ છે. એ બેનું મિલન થાય એટલે ભગવાન નો જન્મ થાય છે. પ્રભુએ કહ્યું, મને ગોકુળ લઈ જાવ વસુદેવે ટોપલીમાં બાલકૃષ્ણને મૂક્યા, પણ જવું કેમ? કારાગૃહના સર્વ દરવાજા બંધ છે. પરંતુ જ્યાં બાલકૃષ્ણને માથેમૂક્યાં ત્યાં સર્વ બંધન ફટાફટ તૂટી ગયાં! દરવાજા ખૂલી ગયા,હાથપગની બેડીઓ તૂટી ગઈ. મસ્તકમાં બુદ્ધિ છે. બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવ થાય ત્યારે સંસારનું બંધન તૂટે છે.ભગવાનને માથે રાખે તેના મોક્ષના દરવાજા ખૂલી જાય, તો આ કારાગૃહના દરવાજા ખૂલી જાય તેમાં આશ્ચર્ય નથી. જેને માથે ભગવાન હોય તેના માર્ગમાં વિઘ્ન આવે તો પણ નડે નહીં.

વસુદેવ જેમ શ્રીકૃષ્ણને મસ્તક પર રાખે છે, તેમ જે શ્રીકૃષ્ણને બુદ્ધિ માં પધરાવે છે તેનાં સર્વ બંધન તૂટી જાય છે.તેના સંસાર-કારાગૃહના દરવાજાનાં તાળાંની જેમ તૂટી જાય છે. વસુદેવજી કારાગૃહમાંથી બહાર આવ્યા કે, દાઉદજી દોડતા આવ્યા અને શેષનાગ રૂપે બાલ કૃષ્ણ ઉપર છત્ર કર્યું. યમુનાજીને અતિશય આનંદ થયો. દર્શનથી તૃપ્તિ થઈ નહીં, પ્રાણ વલ્લભને મળવા અધીરાઈ થઈ. યમુનામાં જળ ઊંચે ચઢવા માંડ્યાં પ્રભુએ ટોપલામાંથી પગ બહાર કાઢ્યા. યમુનાજીએ ચરણસ્પર્શ કરી કમળની ભેટ અર્પણ કરી. આમ પ્રથમ દર્શન અને પ્રથમ મિલનનો આનંદ યમુનાજીને આપ્યો.ધીરે ધીરે જળ ઊતરી ગયું.

વસુદેવ ગોકુળમાં આવ્યા. યોગમાયાના આવરણથી ગોકુળમાં સર્વસૂતા છે વસુદેવે શ્રીકૃષ્ણને યશોદા પાસે મૂકી દીધા અને યોગમાયાને લઈને પાછા ફર્યા.વસુદેવ વિચારે છે કે, હજુ મારું પ્રારબ્ધ બાકી છે, તેથી પરમાત્મા માટે હું માયાને લઈ જાઉં છું. વસુદેવજી યોગમાયાને ટોપલામાં લઈ કારાગૃહમાં આવ્યા. બ્રહ્મસંબંધ થયા પછી વસુદેવની બેડીઓ તૂટી ગયેલી. પણ માયાના સંબંધથી ફરી બંધન આવ્યું. વસુદેવ ગોકુળથી માયાને માથે લઈ ને આવ્યા એટલે બંધન આવ્યું અને કારાગૃહના દરવાજા ફરી બંધ થયા. ભગવાનની આજ્ઞાથી વસુદેવે બંધન સ્વીકાર્યું છે. યોગમાયા રડવા લાગી. કંસને ખબર આપવામાં આવી કંસ દોડતો આવ્યો, કહે ક્યાં છે મારો કાળ!લાવો અહીં કંસ યોગમાયાના બે પગને પકડીને પથ્થર ઉપર પછાડવા ગયો. માયા કોઈના હાથમાં આવી છે કે, એના હાથમાં આવે? આદિમાયાએ કંસ ના માથા ઉપર લાત મારી, અષ્ટ ભુજા જગદંબા ભદ્રકાળી આકાશ માં પ્રગટ થયાં. યોગમાયાએ કહ્યું, હે દુષ્ટ જાણ કે,તને મારનાર કાળ નો જન્મ થઈ ગયો છે. હવે કંસને પશ્ચાત્તાપ થયો કે,આઠ આઠ બાળકોને મારીને મેં શું મેળવ્યું? તેણે વસુદેવ-દેવકીને કહ્યું, મારા અપરાધની ક્ષમા કરો.આ બાજુ બાલકૃષ્ણ જ્યારે નંદજીના ઘરમાં આવ્યા છે તે વખતે નંદબાબા સૂતેલા છે. એવામાં નંદબાબાને સ્વપ્ર દેખાય છે. સ્વપ્રમાં જુએ છે તો મોટામોટા ઋષિઓ આંગણે આવ્યા છે. યશોદાજીએ શૃંગાર કર્યો છે અને યશોદાની ગોદમાં સુંદર બાળક છે. શિવજી પોતે બાળકનું દર્શન કરવા આવ્યા છે. નંદબાબા પ્રાતઃકાળે જાગે છે. મનમાં અનેક પ્રકારના વિચારો કરતાં ગૌશાળામાં જાય છે. નંદજી જાતે ગાયોની સેવા કરે છે. નંદબાબા પ્રાર્થના કરે છે કે, હે નારાયણ, મારા ઘરે ગાયોની સેવા કરનાર ગોપાળ શ્રીકૃષ્ણનો જન્મ થાઓ. તે વખતે બાલકૃષ્ણે લીલા કરી છે. પીળું ઝભલું પહેરી, કપાળ માં કસ્તૂરીનું તિલક કરી ઘૂંટણીએ ચાલતા ચાલતા બાલકૃષ્ણ ગૌ શાળામાં આવે છે. નંદબાબાને બાળકની ઝાંખી ગૌશાળામાં થઈ, ત્યારે નંદજીને લાગ્યું કે, જે બાળક મેં સ્વપ્રમાં જોયેલો તે જ બાળક આ છે. બાલકૃષ્ણ નંદબાબાને કહે, બાબા, હું તમારી ગાયોને ચરાવીશ. ગૌશાળામાં આવેલા કનૈયાને નંદજી પ્રેમથી નિહાળે છે.તે જ સમયે તે જ ક્ષણે નંદબાબા દેહનું ભાન ભૂલી જાય છે.નંદજીને યાદ આવતું નથી કે, હું સૂતો છું કે જાગું છું. પેલી તરફ સુનંદાને યશોદાની ગોદમાં બાલકૃષ્ણની ઝાંખી થાય છે. બિચારી દોડતી ગૌશાળામાં ભાઈને ખબર આપવા જાય છે અને બૂમો પાડે છે, ભૈયા,ભૈયા, લાલો ભયો હૈ!લાલાનું નામ સાંભળતાં શ્રીકૃષ્ણે કાન વાટે હૃદય માં પ્રવેશ કર્યો. જન્મોત્સવ નિમિત્તે નંદજીએ યમુનામાં સ્નાન કર્યું. શાંડલ્ય ઋષિદાન કરવાનું કહે છે. નંદબાબાએ બે લાખ ગાયોનું દાન કર્યું.અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કર્યા છતાં ઋષિમુનિઓને પ્રભુનાં દર્શન ન થાય ત્યારે તેઓ ગોકુળમાં ગાયો લઈને આવ્યા છે.અહીં પ્રભુ નો બ્રહ્મસંબંધ થશે એ તેમની શ્રદ્ધા છે.



# વિદ્યુતને બોલિવૂડના નવા યુગના એક્શન હીરો તરીકે ઓળખવામાં આવે છે




બધા સ્ટારની બોડી આ વિદ્યુત જામવાલની બોડી સામે છે ફેલ

। મુંબઈ, તા.૧૧ ।

૩ વર્ષની ઉંમરથી કરે છે માર્શલ આર્ટ...પોતાની શાનદાર બોડી અને સ્ટંટથી મેગા સ્ટાર્સને પણ હંફાવે છે આ હીરો...૪૩ વર્ષીય વિદ્યુત જામવાલ એક પ્રશિક્ષિત માર્શલ આર્ટિસ્ટ, સ્ટંટમેન અને એક્શન કોરિયોગ્રાફર છે. તે કલારીપયટ્ટુમાં નિષ્ણાત છે. તેને 'બોલિવૂડના નવા યુગના એક્શન હીરો' તરીકે ઓળખવામાં આવે છે.

વિદ્યુત તેની કમાન્ડો સિરીઝ માટે જાણીતો છે. બોલિવૂડ એક્શન હીરો વિદ્યુત જામવાલ આજે તેનો ૪૩મો જન્મદિવસ એટલે કે ૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ઉજવી રહ્યો છે. વિદ્યુત જામવાલનો જન્મ જમ્મુમાં થયો હતો. વિદ્યુત આર્મી કિડ છે. આવી સ્થિતિમાં તેઓ દેશના અલગ-અલગ ભાગોમાં રહી ચૂક્યા છે. અમે વિદ્યુત જામવાલને એક નીડર અને હિંમતવાન કલાકાર તરીકે જાણીએ છીએ, પરંતુ અભિનેતાએ અહીં સુધી પહોંચવા માટે સખત મહેનત કરી છે. સ્ટારડમમાં તેની સફર ૨૦૧૧માં ફોર્સથી શરૂ થઈ હતી. વિદ્યુત જામવાલે એક અભિનેતા તરીકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક દાયકા કરતાં વધુ સમય વિતાવ્યો છે. પરંતુ શું તમે જાણો છો કે બોલિવૂડમાં પ્રવેશતા પહેલા અભિનેતાએ કલારીપાયટ્ટુમાં નિપુણતા મેળવ્યા બાદ વિવિધ માર્શલ આર્ટની તાલીમ લીધી હતી. ભારત સિવાય વિદ્યુતે ૨૫ થી વધુ દેશોમાં તેના એક્શન શો કર્યા છે, જેમાં તેના ખૂબ વખાણ થયા છે. વિદ્યુત જામવાલનું મોડલિંગ કરિયર પણ સારું રહ્યું, ત્યારબાદ તે એક્ટિંગ તરફ વળ્યો. વિદ્યુતે ખુદા હાફિઝ, સનક, જંગલી, થુપ્પકી, બાદશાહો અને અન્ય ઘણી સહિત ૨૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે અને બોલીવુડમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. કમાન્ડોમાં તેમના પ્રદર્શનને આંતરરાષ્ટ્રીય પ્રશંસા મળી, જેના કારણે તેમને ભારતીય બ્રુસ લીનું બિરુદ મળ્યું.

# ચિરંજીવી ઇન્ડિયાનો સૌથી અમીર ફિલ્મી પરિવાર









। મુંબઈ, તા.૧૧ ।

સિનેમા હોય કે બિઝનેસ, ભારતમાં મશહૂર પરિવારોના વારસદારોનો દબદબો રહ્યો છે. આજે, ફેમસ એક્ટર્સ અને મેકર્સની સંતાનો તેમના સમૃદ્ધ વારસાને આગળ ધપાવી રહ્યા છે. બોલિવૂડની સાથે સાઉથ સિનેમામાં પણ ફિલ્મી પરિવારોનો દબદબો છે. પરંતુ જ્યારે સૌથી અમીર ફિલ્મી પરિવારની વાત આવે છે તો તેલુગુ સિનેમાનું પ્રખ્યાત ખાનદાન ટોપ પર છે. આ ફેમસ પરિવારની કુલ નેટવર્થ કપૂર અને અક્કીનેનીની કુલ સંપત્તિ કરતાં વધુ છે. તેલુગુ સિનેમાના આ પરિવારના ચાર સભ્યો સુપરસ્ટાર છે. અમે વાત કરી રહ્યા છીએ તેલુગુ સિનેમાના મેગાસ્ટાર ચિરંજીવીના પરિવારની. અલ્લુ-કોનિડેલા પરિવાર દેશનો સૌથી અમીર ફિલ્મ પરિવાર છે. અલ્લુ-કોનીડેલા પરિવારને મેગા ફેમિલી પણ કહેવામાં આવે છે, જે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કરે છે. ભારતીય સિનેમામાં આ પરિવારનું ખૂબ મહત્વનું યોગદાન છે. મેગા ફેમિલીનો પાયો ૧૯૫૦ માં અલ્લુ રામલિંગૈયા દ્વારા નાખવામાં આવ્યો હતો.

જેઓ તેલુગુ સિનેમાના ફેમસ એક્ટર, કોમેડિયન અને ફિલ્મ પ્રોડ્યુસર હતા. અલ્લુ-કોનીડેલા પરિવારે તેના ઉત્તરાધિકારીઓ દ્વારા તેલુગુ સિનેમામાં ઊંડી છાપ છોડી. અલ્લુ રામલિંગૈયાના ચાર સંતાનોમાંથી એક અરવિંદ ફેમસ ફિલ્મ મેકર બની ગયા છે. એક્ટરની દીકરી સુરેખાએ તેલુગુ સુપરસ્ટાર ચિરંજીવી સાથે લગ્ન કર્યા છે. અલ્લુ રામલિંગૈયાના બાળકોએ તેલુગુ સિનેમાને ઘણા સ્ટાર આપ્યા છે. રામ ચરણ, અલ્લુ અર્જુન અને નાગેન્દ્ર બાબુ, વરુણ તેજ જેવા સ્ટાર્સ આ પરિવારના છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચિરંજીવીની સાથે રામ ચરણ, અલ્લુ અર્જુન અને અલ્લુ અરવિંદનું યોગદાન ખૂબ મહત્વનું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ પરિવારના મહત્વપૂર્ણ સભ્યોની સંપત્તિ લગભગ ૬ હજાર કરોડ રૂપિયા છે. અલ્લુ-કોનિડેલા પરિવારની સંપત્તિમાં તેમના પાંચ ફિલ્મ પ્રોડક્શન હાઉસ ગીતા આર્ટ્સ, અંજના પ્રોડક્શન્સ, પવન કલ્યાણ ક્રિએટિવ વર્ક્સ, કોનિડેલા પ્રોડક્શન કંપની અને અલ્લુ સ્ટુડિયો જોડવામાં આવ્યા છે. આ પરિવારે ભારતીય સિનેમાને ૪ સુપરસ્ટાર આપ્યા છે.







# અમૃતા અરોરાને બહેનપણીનો પતિ ગમી ગયો તો કરાવ્યા છૂટાછેડા હતાં

। મુંબઈ, તા.૧૧ ।

નાના શહેરોમાંથી માયા નગરી મુંબઈ માં કારકિર્દી બનાવવાની ઈચ્છા સેંકડો યુવાનોને મુંબઈ પોતાની તરફ ખેંચે છે. બોલિવૂડમાં કેટલાક કલાકારોના સપના પૂરા થાય છે તો કેટલાક અંધકારની ગર્તામાં ખોવાઈ જાય છે. ઘણીવાર એવું બને છે કે અભિનેતા તેની ફિલ્મો દ્વારા નહીં પરંતુ તેના અંગત જીવન દ્વારા લાઈમલાઈટમાં આવે છે અને પ્રખ્યાત બને છે. આજે અમે તમને એક એવી અભિનેત્રી વિશે જણાવીશું જેનું પાકિસ્તાની ક્રિકેટર સાથે અફેર હતું. પરંતુ વાત લગ્ન સુધી પહોંચી ન હતી, ત્યારબાદ તેણીનું પોતાની એક બહેનપણીના પતિ સાથે અફેર હતું અને પછી એ જ સૌતન બની ગઈ.

તમને આટલું જાણીને ઘણી ઉત્સુકતા થઈ હશે કે કોણ છે એ અભિનેત્રી, જે પોતાના મિત્રની જ સૌતન બની ગઈ? મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો આ એક્ટ્રેસ પ્રેગ્નન્ટ થયા બાદ ૭ લગ્નનાં ફેરા પણ ફરી ચૂકી છે. આજે આ અભિનેત્રી ફિલ્મોથી દૂર છે, છતાં પણ ચર્ચામાં રહે છે. દરેક બોલિવૂડ ફેન્સ મલાઈકા અરોરાને જાણે છે, જે ફેશન દિવા તરીકે જાણીતી છે. તેણીએ અરબાઝ ખાન સાથે લગ્ન કર્યા અને લગ્નના ઘણા વર્ષો પછી તેઓએ છૂટાછેડા પણ લીધા. પરંતુ, આજે આપણે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે છે મલાઈકા અરોરાની બહેન અમૃતા અરોરા. અમૃતાએ ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ તે પોતાની કારકિર્દીના બળ પર સ્ટારડમ હાંસલ કરવામાં સફળ રહી ન હતી. ૧૯૮૧માં જન્મેલી અમૃતા અરોરાએ તેની બહેન મલાઈકાની તર્જ પર વીડિયો જોકી તરીકે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. અમૃતાએ ૨૦૦૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'કિતને દૂર કિતને પાસ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, પરંતુ તેની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નહોતી. ત્યારપછી અમૃત પોતાની અંગત જિંદગીને લઈને સતત સમાચારોમાં રહી હતી. વર્ષ ૨૦૦૪માં પાકિસ્તાનમાં રહેતા ઈંગ્લેન્ડના ક્રિકેટર ઉસ્માન સાથે અમૃતાના અફેરના સમાચાર આવવા લાગ્યા હતા. મીડિયા રિપોર્ટ્સમાં કહેવાયું છે કે ઉસ્માન ક્રિકેટ મેચ રમવા માટે ભારત આવ્યો હતો અને અહીં જ તેની મુલાકાત અમૃતાને થઈ હતી, જે બાદ બંનેનું અફેર હતું.એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં અમૃતાએ સ્વીકાર્યું હતું કે તે ઉસ્માનને પ્રેમ કરે છે. વધુમાં કહ્યું કે ઉસ્માનના કારણે જ તેનો બીજો પ્રેમ ક્રિકેટ બન્યો. ઉસ્માન ભારતમાં ખૂબ જ હાઈપ્રોફાઈલ પાર્ટીઓમાં હાજરી આપતો હતો.

અમૃતા પણ ત્યાં જતી. આ સાથે ઉસ્માનનો ભાઈ બોલિવૂડમાં કરિયર બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને અમૃતા પણ તેને મદદ કરતી હતી. હવે અમે તમને અમૃતાના લગ્ન વિશે જણાવીએ, જેના વિશે તે સમાચારોમાં હતી. અમૃતાએ વર્ષ ૨૦૦૯માં બિઝનેસમેન શકીલ લડાક સાથે લગ્ન કર્યા હતા. શકીલ કોલેજકાળથી અમૃતાનો મિત્ર હતો. પરંતુ બાદમાં બંને અલગ થઈ ગયા અને શકીલે અમૃતા પહેલા જ લગ્ન કરી લીધા હતા. વર્ષ ૨૦૦૫માં શકીલ સાથે અમૃતાની મિત્રતા ઘણી વધી ગઈ હતી. આ પછી શકીલના લગ્નજીવનમાં સમસ્યાઓ ઉભી થવા લાગી. ૨૦૦૮માં શકીલે તેની પત્ની નિશા સાથે છૂટાછેડા લીધા અને બીજા વર્ષે અમૃતા સાથે લગ્ન કરી લીધા હતા.

# રીના રોયની અને સોનાક્ષી સિંહા સાથે હૂબહૂ શક્લ મળતી આવે છે






। મુંબઈ, તા.૧૧ ।

નિયતિએ અભિનેત્રી રીના રોયને જીવનના દરેક તબક્કે અજમાવી. પરિવારના ભરણપોષણ માટે તેણે ક્લબમાં ડાન્સ પણ કર્યો પરંતુ તેણે જીવનમાં હાર ન માની. બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા શત્રુઘ્ન સિંહા સાથેના અફેરની સૌથી વધુ ચર્ચા થઈ હતી. પછી બંને છૂટા પડ્યા. રીના રોયે ૧૯૮૩માં પાકિસ્તાની ક્રિકેટર મોહસિન ખાન સાથે લગ્ન કર્યા અને પાકિસ્તાનમાં સ્થાયી થયા, પરંતુ આ લગ્ન પણ લાંબો સમય ટકી શક્યા નહીં અને માત્ર ૭ વર્ષ પછી બંનેએ ૧૯૯૦માં છૂટાછેડા લઈ લીધા. રીના રોય પાકિસ્તાનથી મુંબઈ આવી હતી. રીના રોયનું નામ સોનાક્ષી સિન્હા સાથે પણ જોડાયેલું છે. એ વાત પણ સાચી છે કે બંનેનો લુક મહદ અંશે સમાન છે. ફર્સ્ટપોસ્ટને આપેલા એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુમાં રીના રોયે નિખાલસતાથી જવાબ આપ્યો હતો, 'આ જીવનના સંયોગો છે. આવું ક્યારેક થાય છે. ઉદાહરણ તરીકે, અભિનેતા જીતેન્દ્રની માતા અને મારી માતા જોડિયા બહેનો જેવી લાગે છે.

રીના રોયે 'અપનાપન', 'અર્પણ', 'જાની દુશ્મન', 'કાલીચરણ' અને 'નાગિન' જેવી સુપરહિટ ફિલ્મોથી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને અચાનક છોડી દેવાના સવાલના જવાબમાં અભિનેત્રીએ કહ્યું હતું કે, 'હવે શું કરવું, ભાગ્ય સામે કોઈ કંઈ કરી શકે નહીં. જ્યારે હું ૧૩ કે ૧૪ વર્ષની હતી ત્યારે મેં ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો. મેં બીઆર ઈશારાની ફિલ્મ જરૂરતથી શરૂઆત કરી હતી. નાનપણથી જ મને ડાન્સિંગ અને એક્ટિંગનો ખૂબ જ શોખ હતો. ઘરમાં તે કલાકો સુધી અરીસા સામે ઉભી રહીને ડાન્સ કરતી અને એક્ટિંગ કરતી, જેના કારણે મારી માતા નારાજ થતી હતી.







# અભિનેત્રી તૃપ્તિ ડિમરી ટીકાથી થઇ નારાજ

। મુંબઈ, તા.૧૧ ।

એનિમલમાં રણબીર કપૂર અને તૃપ્તિ ડિમરી વચ્ચે ફિલ્માવાયેલો ઈન્ટીમેટ સીન ચર્ચામાં છે. આ એક દ્રશ્યે ફિલ્મમાં સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. જો કે આ માટે અભિનેત્રીને ઘણી ટ્રોલીંગનો સામનો પણ કરવો પડ્યો હતો. તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં તૃપ્તિ ડિમરીએ એનિમલના આ સીનને લઈને આવી રહેલા પડકારો વિશે જણાવ્યું. અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેણે રણબીર કપૂર અને ફિલ્મના ક્રૂ સાથે આ ખૂબ જ બોલ્ડ સીન કેવી રીતે શૂટ કર્યો. તૃપ્તિ ડિમરીએ એમ પણ કહ્યું કે જ્યારે તેને એનિમલના ઈન્ટિમેટ સીન્સને કારણે ટીકાનો સામનો કરવો પડ્યો હતો ત્યારે તે નારાજ થઈ ગઈ હતી કારણ કે તેના માટે આ સામાન્ય વાત નથી. અત્યાર સુધી તૃપ્તિની અગાઉની કોઈપણ ફિલ્મ માટે ટીકા થઈ નથી. એવામાં તેના માટે આ ટ્રોલિંગને હેન્ડલ કરવું સરળ ન હતું, પરંતુ અંતે તેણે પોતાની જાતને નિયંત્રિત કરી. તૃપ્તીએ એમ પણ કહ્યું હતું કે તેણે ફિલ્મ બુલબુલમાં જે શારીરિક શોષણ દ્રશ્ય ભજવ્યું હતું તે એનિમલના ઇંટિમેટ સીન કરતાં વધુ મુશ્કેલ હતું. તૃપ્તિ ડિમરીએ કહ્યું કે એક્ટર બનવું તેનો નિર્ણય હતો. તેને આવું કરવા માટે કોઈએ દબાણ કર્યું ન હતું. એવામાં, તેણીને જે કંઈપણ ખોટું ન લાગ્યું, કારણ કે તે ફક્ત એક પાત્ર જીવી રહી હતી. તૃપ્તિ ડિમરીએ કહ્યું, ''જ્યાં સુધી હું કમ્ફર્ટેબલ છું, જ્યાં સુધી સેટ પર મારી આસપાસના લોકો મને સહજ રાખે છે, જ્યાં સુધી હું જાણું છું કે હું જે કરી રહી છું તે સાચું છે, હું કંઈ ખોટું નથી કરતી. હું આ કરતી રહીશ, કારણ કે એક અભિનેતા તરીકે અને એક વ્યક્તિ તરીકે હું મારા માટે આ જ ઈચ્છું છું. આ જ હું અનુભવવા માંગુ છું. તૃપ્તિ ડિમરીએ વધુમાં જણાવ્યું કે એનિમલનો ઈન્ટીમેટ સીન કેવી રીતે શૂટ કરવામાં આવ્યો હતો. અભિનેત્રીએ કહ્યું કે શૂટિંગ સમયે રૂમમાં માત્ર ચાર લોકો હતા અને દર ૫ મિનિટે તેમને કમ્ફર્ટ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. તૃપ્તિએ કહ્યું, ''સેટ પર માત્ર ચાર લોકો હતા. હું, રણબીર, સંદીપ અને ડીઓપી (ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી). દર પાંચ મિનિટે તેઓ મને પૂછતા હતા, 'તમે કમ્ફર્ટ છો? શું તમને કંઈ જોઈએ છે?



# એક સમયે યશ ચોપરા દેવાળુ ફૂંકવાના આરે આવી ગયા હતાં

। મુંબઈ, તા.૧૧ ।

એકવાર યશ ચોપરા દેવાળુ ફૂંકવાને આરે હતા. યશ ચોપરાની સતત ૪ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફલોપ રહી હતી. યશ ચોપરાના બેંક ખાતા ખાલી થઈ ગયા. એટલું જ નહીં, યશ ચોપરાના પ્રોડક્શન હાઉસને તાળું લાગવાનું હતું. પરંતુ આ દરમિયાન યશ ચોપરાના જીવનમાં એક દેવદૂત બનીને બોલિવૂડની એક સુંદર હિરોઈન આવી અને તેમના જીવનની ગાડીને પાટા પર લાવી.આ ખૂબસૂરત હિરોઈનનું નામ હતું શ્રીદેવી. શ્રીદેવીએ ૧૯૮૯માં રિલીઝ થયેલી ફિલ્મ ચાંદનીમાં પોતાની કરિયરની બેસ્ટ એક્ટિંગ કરી હતી. આ વાતનો ખુલાસો ખુદ યશ ચોપરાએ કર્યો છે. તાજેતરમાં નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી સીરીઝ 'ધ રોમેન્ટિક્સમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. યશ ચોપરા કહે છે, 'હું સતત ફિલ્મો બનાવી રહ્યો હતો, પરંતુ કોઈ પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી. મારી એક પછી એક ચાર ફિલ્મો સુપરફ્લોપ રહી. આ પહેલા પણ મારી કિસ્મત મારી સાથે ન હતી . ઘણી ફિલ્મો ફ્લોપ ગઈ હતી. મારી પાસે બિલકુલ પૈસા ન હતા. મારા પ્રોડક્શન હાઉસને તાળું લાગવાનું હતું. આ પછી યશ ચોપરાએ શ્રીદેવી સાથે ફિલ્મ ચાંદનીનો આઈડિયા શેર કર્યો.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે નોબેલ પ્રાઈઝ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં નોબેલ પુરસ્કાર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. દર વર્ષે ૧૦ ડિસેમ્બરે વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલની પુણ્યતિથિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત સાયન્સ સિટીમાં કરવામાં આવેલી ઉજવણીમાં IPR (ઈન્સ્ટીટ્યૂટ ઓફ પ્લાઝ્મા રીસર્ચ - ગાંધીનગર)ના ડીન ડો. પારિતોષ ચૌધરી, IPRના વૈજ્ઞાનિક ડો. છાયા ચાવડા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. IPRના ડીન ડો. પારિતોષ ચૌધરીએ વિદ્યાર્થીઓને નોબેલ પારિતોષિક અને તેના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત ડો. છાયા ચાવડાએ વિદ્યાર્થીઓને પ્લાઝ્મા અને તેના ઉપયોગ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં સહભાગી થનારા વિદ્યાર્થીઓએ ગુજરાત સાયન્સ સિટીના હોલ ઓફ સાયન્સ/હોલ ઓફ સ્પેસ નજીક નોબેલ પાથ પર ઊભા કરાયેલા નોબેલ પુરસ્કાર વિજેતાઓની હસ્તપ્રત પણ નિહાળી હતી.

ઉલ્લેખનીય છે કે લોકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે ગુજરાત સાયન્સ સિટી સતત કાર્યરત છે, જેના માટે અહીં અવારનવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# આહવાના પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ જવાનો માટે વિવિધ રમતોનું કરાયું આયોજન



। ડાંગ, તા.૧૧ ।

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટિલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે, પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ, અને તેમના પરિવારજનો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારનો માનસિક તણાવ દૂર થાય, તેમજ પરસ્પર પારિવારિક ભાવના જળવાઈ રહે તેવા હેતુથી જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમગાર્ડ, ગ્રામરક્ષક દળ તથા પ ોલીસ પરિવારની મહિલા તેમજ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે સ્વચ્છતા અભિયાન અંતર્ગત "સ્વચ્છ ઘર" હરીફાઈ પણ રાખવામાં આવી હતી. તમામ સ્પર્ધાઓના વિજેતાઓને પોલીસ અધિક્ષકશ્રીના હસ્તે પારિતોષિકો વિતરણ કરવામાં આવ્યા હતા.નાણામંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં શહેરના ઉધના ખાતે પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

# મુક્તા A2 સિનેમાસે રત્નાંજલિ સ્ક્વેર ખાતે થ્રી-સ્ક્રીન મલ્ટિપ્લેક્સના ભવ્ય ઉદ્‌ઘાટનની સાથે શાનદાર ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું




અસાધારણ સિનેમેટિક અનુભવો પ્રદાન કરવામાં અગ્રણી મુક્તા A2 સિનેમાસ રત્નાંજલિ સ્ક્વેર ખાતે તદ્દન નવા થ્રી-સ્ક્રીન મલ્ટિપ્લેક્સના ઉદઘાટનની જાહેરાત કરતાં રોમાંચિત છે. આ વિસ્તરણ ફિલ્મ પ્રેમીઓને લકઝરી, ટેક્નોલોજી અને આહલાદક કલાના મિશ્રણ સાથે પ્રદાન કરવાની કંપનીની પ્રતિબદ્ધતામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

અત્યાધુનિક મલ્ટીપ્લેક્સમાં ત્રણ સ્ક્રીન છે, જેમાંથી દરેક શાનદાર અને ભવ્ય મૂવી જોવાનો અનુભવ કરાવે છે. રત્નાંજલિ સ્ક્વેર ખાતે મુક્તા છ૨ સિનેમાસ ડોલ્બી સાઉન્ડ, લેસર 2K પ્રોજેક્શન અને લક્ઝુરિયસ બેઠકોથી સજ્જ છે. જેથી કરીને અહીં વિતાવેલી દરેક ક્ષણ યાદગાર બની રહે.

આ નવા સાહસની વિશેષતાઓમાંથી એક રાંધણ અનુભવ છે. ફિલ્મ જોવા આવનાર તાજા બને, સ્વાદિષ્ટ ભોજનના વિકલ્પનો આનંદ ઉઠાવી શકે છે. જેના લીધે તેમનો સમગ્ર મનોરંજનનો અનુભવ શ્રેષ્ઠ થઈ જશે. સ્વાદિષ્ટ નાસ્તાથી લઈને સ્વાદિષ્ટ ભોજન સુધી મુક્તા છ૨ સિનેમાસે એવું મેનૂ તૈયાર કર્યું છે કે સિનેમાની સફરને પૂરક બનાવે છે.

**Mukta A2** સિનેમાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાહુલ પુરીએ નવા લોન્ચ વિશે ઉત્સાહ વ્યક્ત કરતાં કહ્યું, "અમે મુક્તા છ૨ નો અનુભવ રત્નાંજલિ સ્ક્વેર પર લાવવા માટે ઉત્સાહિત છીએ. એક શાનદાર અને આનંદદાયક મૂવી જોવાનો અનુભવ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા અતૂટ છે. આ નવું મલ્ટિપ્લેક્સ છે સિનેમા અને આરામનું મિલન થાય તેવી જગ્યા બનાવવા માટેના અમારા સમર્પણનું એક પ્રમાણપત્ર છે. અમે સમુદાયને આ રોમાંચક નવા અધ્યાયની ઉજવણીમાં અમારી સાથે જોડાવા આમંત્રણ આપીએ છીએ."

# મોટા વરાછા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ યાત્રાના રથનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કર્યું ભવ્ય સ્વાગત



। સુરત, તા.૧૧ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો જરૂરિયાતમંદ નાગરિકો સુધી તેમના ઘર આંગણે પહોંચે તેવા આશયથી સુરત શહેરના મોટા વરાછા એ.બી.સી.સર્કલ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધી ગામડાઓથી લઈ શહેરોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાને પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે. સૌના સપનાઓ સાકાર કરવા માટે મોદીજીની ગેરન્ટીરૂપી યોજનાઓ ઘર આંગણે પહોંચી રહી છે. શહેરમાં ટુંકા સમયમાં ૨૭ હજારથી વધુ લોકોએ યોજનાઓના લાભો મેળવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, અગાઉના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને ગંભીર બિમારીની સારવાર માટે વર્ષોની બચત વપરાઈ જતી હતી, પરંતુ આજે આયુષ્માન ભારત યોજના હેઠળ એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના લાખોના ઓપરેશન વિનામૂલ્યે થઈ રહ્યા છે. મંત્રીએ ઉજ્જવલા યોજના તથા પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ સાધી તેમણે મેળવેલા લાભોની વિગતો મેળવી હતી.

સુરત શહેરમાં મેટ્રો ટ્રેન, ડુમસ બીચ, બુલેટ ટ્રેન જેવા મહાકાય પ્રોજેક્ટ સાકારિત થવાથી સુરત વિકાસની નવી ઉંચાઈઓ સુધી પહોચશે તેમ ઉમેર્યું હતું.શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દેશની વિવિધ ભાષા, સંસ્કૃતિ અને ધર્મોની વચ્ચે એક ભારત શ્રેષ્ઠ ભારતના સુત્ર સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અંત્યોદયના ધ્યેય સાથે, વંચિત લોકો સુધી યોજનાના લાભો પહોચાડી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી આયુષ્માન યોજના થકી હજારો નાગરિકોના હૃદયરોગ, ડાયાલિસિસથી લઈને અનેક ગંભીર રોગોના ઓપરેશન વિનામૂલ્યે થઈ રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ગેરન્ટીરૂપી રથ ઘર ઘર સુધી પહોંચી લાભો આપી રહ્યો છે તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# મિશન મંગલમ યોજના થકી જીવનમાં આમુલ પરિવર્તન આવ્યુ : લાભાર્થી કપિલાબેન વસાવા



। સુરત, તા.૧૧ ।

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું વિરપોર ગામે આગમન થતા ગ્રામજનો ઉત્સાહભેર ભાગીદારી નજરે પડી રહી હતી. નાંદોદ તાલુકાના વિરપોર ગામે મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ આજરોજ યાત્રાના માધ્યમથી સરકારી યોજનાઓનો લાભ લીધો હતો. આ તકે દેવમોગરા માતા મિશન મંગલના સભ્ય શ્રીમતી કપિલાબેન વસાવા જણાવે છે કે, અમે દસ બહેનોનું મંડળ માસિક રૂ. ૨૦૦ ની બચત કરીને જરૂરિયાત સમયે બહેનોને ધિરાણ આપીએ છીએ. અમારા મંડળમાં જોડાયેલી તમામ બહેનો બાળકોના ભણતર, ખેતી-પશુપાલન તેમજ સામાજીક પ્રસંગે જરૂરીયાત અનુરૂપ નાણા સરળતાથી મંડળમાંથી પ્રાપ્ત કરે છે. અમને સરકારશ્રી તરફથી રૂ. ૩૦ હજારનું રિવોલ્વિંગ ફંડ પણ મળ્યું છે. મિશન મંગલમ યોજના થકી અમારી જૂથની બહેનોના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. જે બદલ શ્રીમતી વસાવાએ મદદ કરતા અધિકારીશ્રી અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીમતી કપિલાબેન વસાવા ગામની સગર્ભા-ધાત્રી માતાના તેમજ બાળકોના સ્વાસ્થ્યની કાળજી લઈને પોષણયુક્ત આહાર ગામમાં ઉપલબ્ધ કરાવે છે. ઉપરાંત બહેનોને વિવિધ યોજના સંબંધિત માહિતી પણ પુરી પાડે છે. આઈ.સી.ડી.એસ. યોજનાને કારણે બહેનો-બાળકોના શારીરિક અને માનસિકતા, તંદુરસ્તી સાથે લોહી-વજનમાં વૃદ્ધિ થઈ છે. ઝોન કક્ષાના કલા મહોત્સવમાં માકડબન શાળાની વિદ્યાર્થીની ધ્રુવી ગળવીએ બાળકવિ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવ્યું "તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભરૂચ ખાતે ઝોન કક્ષાનો કલા મહોત્સવ ૨૦૨૩-૨૪ યોજાયો હતો.

# વિધાનસભાના નાયબ દંડક વિજયભાઈ પટેલે શિંગાણા માધ્યમિક શાળાના કિચન ગાર્ડનની મુલાકાત લીધી

। સુરત, તા.૧૧ ।

ગુજરાત વિધાનસભાના નાયબ દંડક તેમજ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પોતાના 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પ્રવાસ દરમિયાન, શિંગાણા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે શાળાના વિધ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા મલ્ચિંગ પદ્ધતિથી તૈયાર કરેલ પ્રાકૃતિક 'કિચન ગાર્ડન' ની મુલાકાત લીધી હતી.

દૈનિક સમતોલ આહારમાં તાજાં ફળ અને શાકભાજીનું ઘણું જ મહત્વ છે. પ્રાકૃતિક પદ્ધતિ દ્વારા શાળામાં ઉગાડવામાં આવેલ બાગાયતી પાકોની કામગીરી ખુજ જ સરાહનીય છે. તેમ શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ.

અહિં શિંગાણા શાળાના શિક્ષકો દ્વારા પ્રાકૃતિક ખેતીનુ મહત્વ, પ્રાકૃતિક ખોરાકનુ મહત્વ સમજાવ્યુ હતુ. તેમજ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અંગેનો ખ્યાલ આપ્યો હતો. આ મુલાકાત વેળાએ સુબિર તાલુકા ઉપપ્રમુખ શ્રી રઘુનાથ સાબળે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ. ડામોર, અધિક નિવાસી કલેક્ટર શ્રી એસ.જી. તબીયાર, સુબિર તાલુકા વિકાસ અધિકારી સુશ્રી પુનમ ડામોર સહિત શિંગાણા માધ્યમિક અને ઉચ્ચત્તર શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભાના



નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે શિંગાણા માધ્યમિક શાળાના કિચન ગાર્ડનની મુલાકાત લીધી. ગુજરાત વિધાનસભાના નાયબ દંડક તેમજ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પોતાના 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પ્રવાસ દરમિયાન, શિંગાણા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે શાળાના વિધ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા મલ્ચિંગ પદ્ધતિથી તૈયાર કરેલ પ્રાકૃતિક 'કિચન ગાર્ડન'ની મુલાકાત લીધી હતી. દૈનિક સમતોલ આહારમાં તાજાં ફળ અને શાકભાજીનું ઘણું જ મહત્વ છે. પ્રાકૃતિક પદ્ધતિ દ્વારા શાળામાં ઉગાડવામાં આવેલ બાગાયતી પાકોની કામગીરી ખુજ જ સરાહનીય છે. તેમ શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ. અહિં શિંગાણા શાળાના શિક્ષકો દ્વારા પ્રાકૃતિક ખેતીનુ મહત્વ, પ્રાકૃતિક ખોરાકનુ મહત્વ સમજાવ્યુ હતુ.

# ઝોન કક્ષાના કલા મહોત્સવમાં માકડબન શાળાની વિદ્યાર્થીની ધ્રુવી ગળવીએ બાળકવિ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવ્યું

। ભરૂચ, તા.૧૧ ।

"તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભરૂચ ખાતે ઝોન કક્ષાનો કલા મહોત્સવ ૨૦૨૩-૨૪ યોજાયો હતો. જેમાં વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જીલ્લાના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.આ સ્પર્ધા પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર વિભાગમાં બાળકવિ, ચિત્રસ્પર્ધા, સંગીત ગાયન અને સંગીતવાદન એમ ૪ વિભાગમાં યોજાઈ હતી. જેમા સ્પર્ધકે ૨૨૦ આધારિત તથા વસુદેવ કુટુંબકમ અને "ONE NATION,ONE FAMILY AND ONE FUTURE" થીમ આધારિત રચના કરવાની હતી. જેમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં માકડબન કેન્દ્ર શાળાની વિદ્યાર્થીની ધ્રુવી કરસનભાઈ ગવળીએ બાળકવિ વિભાગમાં ભાગ લઈ પોતાની ઉત્કૃષ્ટ રચના વલસાડ જીલ્લા તરફથી વ્યક્ત કરી સમગ્ર ઝોનમાં દ્વિતિય ક્રમ મેળવી શાળા, ગામ અને જિલ્લાનું નામ રોશન કર્યું છે."

# 'પી.એમ. સ્વનિધી યોજના હેઠળ નાનામાં નાના માનવીને પણ આત્મનિર્ભર બનવાની તક અને પ્રોત્સાહન મળ્યું છે': નાણામંત્રી કનુભાઈ દેસાઇ

। સુરત, તા.૧૧ ।

કેન્દ્રીય હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ મંત્રાલય અને સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરના ઉધના સ્થિત છત્રપતિ શિવાજી મહારાજ સ્પોર્ટ્સ સંકુલ ખાતે નાણા,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં પીએમ સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજનાના લાભાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ભાષાવાદ, જાતિવાદ જેવી મર્યાદાઓને ઓળંગીને માત્ર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ જેવા વિવિધ ક્ષેત્રે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે.

દેશભરમાં ગુજરાતના વિકાસશીલ મોડેલની નોંધ લેવાય રહી હોવાનું જણાવી તેમણે કહ્યું કે, પી.એમ. સ્વનિધી યોજના હેઠળ નાનામાં નાના માનવીને પણ આત્મનિર્ભર બનવાની તક અને પ્રોત્સાહન મળ્યું છે. વધુમાં તેમણે જણાવ્યુ કે, કોરોનાના કપરા કાળ બાદ રોજ પર ગુજરાન ચલાવતા નાના વેપારીઓ, ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ યોજના આશીર્વાદરૂપ નીવડી છે. બદલાતા સમય સાથે લોકોને ડિજિટાઈઝેશન માટે મળેલા પ્રોત્સાહનને કારણે લોકો નાણાકીય વ્યવહારો માટે પણ આત્મનિર્ભર બન્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ આત્મનિર્ભર ભારતનું સ્વપ્ર સાકારીત થઈ રહ્યું હોવાનું જણાવી શહેરના મેયરશ્રીએ પીએમ સ્વનિધિ યોજના હેઠળ મોટા પાયે લાભ લેનારા સુરતવાસીઓને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે, ૯૪ હજારથી વધારે લભાર્થીઓએ આ યોજના હેઠળ ૧૨૦ કરોડથી વધારેની લોન મેળવી આત્મનિર્ભરતા તરફ ડગ માંડ્યા છે. સરકારની અનેક જનકલ્યાણની યોજનાઓ થકી હજારો નાના વેપારીઓના જીવનમાં ઉજાસ ફેલાયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવનમાં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલોનું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. તમારા મનના તરંગો તથા મુનસફી પ્રમાણે કામ કરવાની આશા રાખશો નહીં અને તમે તમારી કામ કરવાની શૈલી બદલો અને પહેલ કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપારમાં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. નવા કૌશલ્ય અને પદ્ધતિનો સ્વીકાર કારકિર્દીને આગળ વધારવામાં જરૂરી પુરવાર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.

### હવે ઓસ્ટ્રેલિયા જવું અઘરું પડશે

# ઓસ્ટ્રેલિયા વિદેશીઓની સંખ્યા નિયંત્રિત કરવા બની રહી છે પોલિસી

## ઓસ્ટ્રેલિયન PM અલ્બાનીસે જણાવ્યું છે કે ઓસ્ટ્રેલિયન સરકાર આગામી સપ્તાહે ઈમિગ્રેશન ઘટાડવા માટે એક યોજનાની રૂપરેખા આપશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીયો માટે ઉચ્ચ અભ્યાસ અને પીઆર માટે ઓસ્ટ્રેલિયા પણ પસંદગીના દેશોમાં સામેલ છે. જોકે, ઓસ્ટ્રેલિયામાં પણ હવે ઈમિગ્રેશનને કડક બનાવવાનું આયોજન ચાલી રહ્યું છે. આગામી સમયમાં ઓસ્ટ્રેલિયામાં જઈને અભ્યાસ કરવા કે પછી કામ કરવા માટેના નિયમો કડક બની શકે છે. ઓસ્ટ્રેલિયા દેશમાં ઈમિગ્રેશન ઘટાડવા ઈચ્છે છે અને તેમાં ઘટાડો થાય તે માટે એક યોજના પર કામ કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બાનીસે જણાવ્યું છે કે ઓસ્ટ્રેલિયન સરકાર આગામી સપ્તાહે ઈમિગ્રેશન ઘટાડવા માટે એક યોજનાની રૂપરેખા આપશે.

૯ ડિસેમ્બરે સિડનીમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, આપણી પાસે માઈગ્રેશન સિસ્ટમ હોવી જરૂરી છે જે ઓસ્ટ્રેલિયાને તેના જરૂરી સ્કિલ્સ મેળવવા માટે સક્ષમ બનાવે, પરંતુ તે પણ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે આ માઈગ્રેશન સિસ્ટમ તમામ ઓસ્ટ્રેલિયનોના હિતમાં કામ કરે. છેલ્લા ઘણા સમયથી ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન વધ્યું છે. ઓસ્ટ્રેલિયાની વધતી વસ્તીએ હાઉસિંગથી લઈને ટ્રાન્સપોર્ટ સુધીની તમામ માંગને વેગ આપ્યો છે. તેના કારણે ફૂગાવાના દબાણને તો અટકાવી શકાયું છે પરંતુ અર્થતંત્રને મંદીથી બચાવમાં પણ મદદ કરી હતી. સેન્ટ્રલ બેંકે કોરોના પછીના ઈમિગ્રેશનમાં થયેલા વધારાને પગલે વસ્તી વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે, જે આ વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં ૨.૫%ની ટોચે પહોંચી ગયો છે. અલ્બાનિસે જણાવ્યું હતું કે આગામી સપ્તાહે મિડ-યર ઈકોનોમિક અને ફિસ્કલ અપડેટમાં બહાર પાડવામાં આવેલા ટ્રેઝરી અંદાજો આગામી વર્ષમાં માઈગ્રેશનમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવશે. જોકે, તેમણે ચોક્કસ લક્ષ્યાંક આપવાનો ઈનકાર કર્યો હતો. તેમને પૂછવામાં આવ્યું કે શું સરકાર કોરોના રોગચાળા પહેલાના સ્તરે નેટ અરાઈવલ મેળવી શકે છે ત્યારે જવાબમાં તેમણે કહ્યું કે વહીવટીતંત્રે સમસ્યાનું ઘણું વિશ્લેષણ કર્યું છે. અમે માનીએ છીએ કે તે ચોક્કસપણે શક્ય નથી, પરંતુ ઈચ્છનીય અને જરૂરી છે કે આપણે સુનિશ્ચિત કરીએ કે આ સ્તર જળવાઈ રહે. ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને તે પણ જણાવ્યું હતું કે ઈમિગ્રેશન સિસ્ટમની સમીક્ષા દર્શાવે છે કે તે "તૂટેલી" હતી અને તેની ઉપેક્ષા કરવામાં આવી હતી.

### આધાર કાર્ડ પર આવ્યું મોટું અપડેટ

# આધાર કાર્ડને ૧૪ ડિસેમ્બર સુધી અપડેટ કરાવી શકાશે

## આધાર કાર્ડની નોડલ સંસ્થા UIDAIના નિયમો અનુસાર, આધાર કાર્ડ બની જાય, પછી દર ૧૦ વર્ષે તેને અપડેટ કરાવવું જરૂરી છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

આજકાલ કોઈપણ સરકારી કામ કરાવવા માટે આધાર કાર્ડ ફરજિયાત બની ગયું છે. તમારે સિમ કાર્ડ મેળવવું હોય, તમારા બાળકને શાળામાં પ્રવેશ અપાવવો હોય, ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું હોય કે મતદાર કાર્ડ મેળવવું હોય, આધાર કાર્ડ હોવું ખૂબ જ જરૂરી છે. આના વિના, તમારા મોટાભાગના કામ અટકી શકે છે અને તમને વિવિધ સરકારી યોજનાઓનો લાભ નહીં મળે. મોટાભાગના લોકો એવું વિચારે છે કે એકવાર આધાર કાર્ડ બની જાય તો કામ પૂરું થઈ જાય છે પરંતુ એવું નથી. આધાર કાર્ડને સક્રિય રાખવા માટે તેને નિયમિતપણે અપડેટ કરતા રહેવું પણ જરૂરી છે.

આ વખતે UIDAIએ મફત આધાર કાર્ડ અપડેટ કરવાની તારીખ ૧૪ ડિસેમ્બર નક્કી કરી છે. જો તમે આ તારીખ સુધી તમારું આધાર અપડેટ નહીં કરો તો તે પછી તમારા ઘણા કામ અટકી શકે છે. આ ઉપરાંત તમારી સાથે સાયબર ફ્રોડનું જોખમ પણ વધશે. એટલું જ નહીં, તમારે ૧૪ ડિસેમ્બર પછી તમારું આધાર કાર્ડ અપડેટ કરવા માટે ફી પણ ચૂકવવી પડી શકે છે.

આધાર કાર્ડની નોડલ સંસ્થા UIDAI ના નિયમો અનુસાર, એકવાર આધાર કાર્ડ બની જાય, પછી દર ૧૦ વર્ષે તેને અપડેટ કરાવવું જરૂરી છે. જો તમે ઈચ્છો તો, તમે આધાર પર જઈને આ કામ કરી શકો છો. કાર્ડ સેન્ટર અથવા જાતે. તમે ઓનલાઈન જઈને તમારું આધાર કાર્ડ અપડેટ કરી શકો છો. આ માટે યુઝરે પોતાની જન્મતારીખ, મોબાઈલ નંબર, સરનામું અને અન્ય બાબતોની માહિતી આપવી પડશે.

જો કે, તમે ઘણી બધી આધાર અપડેટ પ્રક્રિયા જાતે કરી શકો છો. આ હોવા છતાં, તમારે તમારા આઈરિસ અને બાયોમેટ્રિક ડેટાને અપડેટ કરવા માટે આધાર કેન્દ્ર પર જવું પડશે. કૃપા કરીને અહીં નોંધો કે ૧૪ ડિસેમ્બર સુધી, આધાર કાર્ડમાં મફત અપડેટની સુવિધા ફક્ત ઓનલાઈન અપડેટ કરવા માટે જ ઉપલબ્ધ છે. પરંતુ જો તમે આધાર અપડેટ માટે આધાર સેન્ટર પર જાઓ છો તો તમારે ત્યાં પૈસા ચૂકવવા પડશે.

### ઓનલાઇન કેવી રીતે કરશો અપડેટ

આજકાલ કોઈપણ સરકારી કામ કરાવવા માટે આધાર કાર્ડ ફરજિયાત બની ગયું છે. તમારે સિમ કાર્ડ મેળવવું હોય, તમારા બાળકને શાળામાં પ્રવેશ અપાવવો હોય, ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું હોય કે મતદાર કાર્ડ મેળવવું હોય, આધાર કાર્ડ હોવું ખૂબ જ જરૂરી છે. આના વિના, તમારા મોટાભાગના કામ અટકી શકે છે અને તમને વિવિધ સરકારી યોજનાઓનો લાભ નહીં મળે. મોટાભાગના લોકો એવું વિચારે છે કે એકવાર આધાર કાર્ડ બની જાય તો કામ પૂરું થઈ જાય છે પરંતુ એવું નથી. આધાર કાર્ડને સક્રિય રાખવા માટે તેને નિયમિતપણે અપડેટ કરતા રહેવું પણ જરૂરી છે. ઓનલાઈન કેવી રીતે અપડેટ કરશો તે નીચે મુજબ છે.

- સૌથી પહેલા તમે UIDAIની વેબસાઈટ પર ક્લિક કરો
- પછી તમે વેબસાઈટ પર આધાર અપડેટનો વિકલ્પ પસંદ કરો
- તમે જે વસ્તુને અપડેટ કરવા માંગો છો તેના વિકલ્પ પર ક્લિક કરો
- આ પછી તમે તમારો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર લખો અને OTP એન્ટર કરો
- પછી તમે Documents Update પર જાઓ અને વિકલ્પ પસંદ કરો
- આ પછી, ત્યાં જોઈને આધાર સાથે સંબંધિત વિગતોની ચકાસણી કરો
- પછી તમે આધાર અપડેટ પ્રક્રિયા પર જાઓ અને તેને સ્વીકારો
- આ કર્યા પછી તમને ૧૪ અંકનો અપડેટ રિક્વેસ્ટ નંબર (URN) નંબર મળશે
- તમારે આ URN નોટ કરી લો. આના દ્વારા તમે આધાર અપડેટની સમગ્ર પ્રક્રિયાને ટ્રેક કરી શકો છો.

## સુપ્રીમના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરતા ઓમર-ગુલામનબી, મહેબુબા



। નવી દિલ્હી, તા.૧૧ ।

કલમ ૩૭૦ની કાયદેસરતા અંગે સુપ્રીમકોર્ટે ચુકાદો આપી દીધો છે. ટોચની કોર્ટે કેન્દ્ર સરકારના કમલ ૩૭૦ અંગેના નિર્ણયને યથાવત્ રાખ્યો અને કહ્યું કે હવે તેના પર ચર્ચા કરવી યોગ્ય નથી કેમ કે જ્યારે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ બન્યો હતો ત્યારે જમ્મુ-કાશ્મીરે તેની સંપ્રભુતા ગુમાવી દીધી હતી. જમ્મુ-કાશ્મીરનું ઉદાહરણ આપતાં સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું હતું રાષ્ટ્રપતિને કોઈપણ રાજ્ય વિશે નિર્ણય કરવાનો અધિકાર છે અને તેમણે જ આ નિર્ણય કર્યો હતો. હવે આ ચુકાદા પર વિવિધ નેતાઓ પ્રતિક્રિયા આપવા લાગ્યા છે. આ ચુકાદા પર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ખુશી વ્યક્ત કરી હતી તો જમ્મુ-કાશ્મીરથી ઓમર અબ્દુલ્લાહ અને ગુલામ નબી આઝાદ સહિત અનેક નેતાઓએ નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું કે અમે લાંબી લડત માટે તૈયાર છીએ. જ્યારે મહેબુબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર વિવાદિત વીડિયો પોસ્ટ કરી આ ચુકાદાની મૃત્યુદંડ સાથે તુલના કરી હતી. મહેબૂબા મુફ્તીએ સુપ્રીમકોર્ટના ચુકાદાને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો સાથે કહ્યું કે આજે સુપ્રીમકોર્ટે જે નિર્ણય લીધો છે તે ખરેખર નિરાશાજનક છે પણ આપણે નિરાશ થવાની જરૂર નથી. આપણા વિરોધી ઈચ્છે છે કે આપણે નિરાશ થઈએ અને પીછેહઠ કરી લઈએ પણ જમ્મુ-કાશ્મીરના લોકો એટલા નબળા નથી. આ આપણો પરાજય નથી.

### બિકાનેર પાક. સરહદથી લગભગ ૨૦૦ કિમી દૂર છે

# નર એરબેઝ પર તેજસ એમકે-૧એ પ્રથમ સ્ક્વોડ્રનને તૈનાત કરાશે

## એરફોર્સ તેજસ એમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફ્લાઈંગ કોફિન ફ્લીટને તેજસથી બદલવા માંગે છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

રાજસ્થાનનું બિકાનેર શહેર પાકિસ્તાન સરહદથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે. આ જ શહેરમાં ભારતીય વાયુસેનાનું મુખ્ય બેઝ નર એરબેઝ છે. ઈન્ડિયન એરફોર્સે કહ્યું કે તે તેજસ એમકે-૧એફાઈટર જેટના પ્રથમ સ્ક્વોડ્રનને આ જ એરબેઝ પર તૈનાત કરશે. આનાથી ભારતીય વાયુસેના અને દેશને શું ફાયદો થશે? નલ એરબેઝ પર મિગ ૨૧ (મિગ-૨૧ ફાઈટર જેટ)ના સ્કવોડ્રન તૈનાત છે. તેજસએમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફલાઈંગ કોફિન ફલીટને તેજસથી બદલવા માંગે છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) ને સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયુસેનાને આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચની વચ્ચે પ્રથમ તેજસ એમકે-૧એફાઈટર જેટ મળી જશે. ૨૦૨૫ સુધીમાં વાયુસેનાને વધુ ૨૪ ફાઈટર જેટ મળી જશે. એચએએલ ૮૩ એ તેજસ એમકે-૧એફાઈટર જેટનું ઉત્પાદન શરૂ કરી દીધુ છે. તે ઈન્ડિયન એરફોર્સને આ ફાઈટર જેટ સમયસર આપી દેશે. બિકાનેરના નલ એરબેઝથી પાકિસ્તાન બોર્ડરનું અંતર લગભગ ૧૯૭-૨૦૦ કિલોમીટર છે.

### શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી

# સેન્સેક્સ ૭૦ હજારની સપાટીને સ્પર્શી ગયો, નિફ્ટી ૨૧૦૦૦ નજીક

## સેન્સેક્સ ૧૦૩ પોઈન્ટના વધારા સાથે ૬૯,૯૨૮.૫૩ પર જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ વધીને ૨૦,૯૯૭.૧૦ પર બંધ થયો

। મુંબઈ, તા.૧૧ ।

એસએમસીજી અને ઈન્ફ્રા ઈન્ડેક્સ આજે ૦.૬૬ ટકાના વધારા સાથે બંધ થયા છે, જ્યારે આઈટી અને ઓટો ઈન્ડેક્સ ૦.૫૦ ટકાના વધારા સાથે બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૭૫ ટકા વધ્યો હતો, જ્યારે બેંકિંગ શેરોમાં આજે નજીવો (૦.૧૧ ટકા) વધારો થયો હતો, જ્યારે ફાર્મા શેરોમાં આજે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. લગભગ ૩ ટકાના વધારા સાથે યુપીએલ એનએસઈપર ટોપ ગેઈનર હતું, અલ્ટ્રા ટેક સિમેન્ટના શેરમાં આજે ૨.૫૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો.



ઓએનજીસીનો શેર ૧.૭૦ ટકા વધ્યો હતો. ભારતીય શેરબજારો સોમવારે ઉછાળા સાથે બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ આજે ૭૦ હજારના સ્તરને પાર કરવામાં સફળ રહ્યો હતો. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ૫૦એ પણ ૨૧ હજારનો આંકડો પાર કર્યો હતો. જો કે, બંધના આધારે, બંને સૂચકાંકો તેમના દિવસના ઉચ્ચ સ્તરની નીચે રહ્યા અને સેન્સેક્સ ૭૦૦૦૦ ની નીચે અને નિફ્ટી ૨૧૦૦૦ ની નીચે બંધ થયા. સેન્સેક્સ આજે ૭૦,૦૫૭.૮૩ની દિવસની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

આજે સેન્સેક્સ ૧૦૩ પોઈન્ટના વધારા સાથે ૬૯,૯૨૮.૫૩ પર જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ વધીને ૨૦,૯૯૭.૧૦ પર બંધ થયો હતો. એફએમસીજી ઈન્ડેક્સમાં આજે ૦.૬ ટકા અને ઈન્ફ્રામાં ૦.૫૮ ટકાનો વધારો જોવા મળ્યો છે.

### પૂર્વ દિલ્હીના ગાંધીનગર વિસ્તારમાં વેપારીઓના ઉગ્ર દેખાવો

# એમસીડી યૂઝર ચાર્જ વસૂલવા સામે કાપડ બજાર બંધ કરી દેવાની ચીમકી

। નવી દિલ્હી, તા.૧૧ ।


પૂર્વ દિલ્હીના ગાંધીનગર વિસ્તારમાં વેપારીઓએ રવિવારે ઉગ્ર દેખાવો કર્યા હતા. તેમણે નક્કી માપદંડોથી વિપરિત કચરો ઉપડવા માટે એમસીડીયૂઝર ચાર્જ વસૂલવા સામે કાપડ બજાર બંધ કરી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. તેના પર જ્યારે મ્યુનિસિપાલિટીનો સંપર્ક સાધવામાં આવ્યો તો ત્યાંથી કોઈ ત્વરિત પ્રતિક્રિયા મળી નથી.

આ દેખાવોમાં ગાંધીનગર વોર્ડના કાઉન્સિલર પ્રિયા કમ્બોઝની સાથે લગભગ ૧૦૦-૧૫૦ દુકાનદારોએ ભાગ લીધો હતો. તેમણે આરોપ મૂક્યો કે એમસીડીનિયમોનું ઉલ્લંઘન કરનારા દુકાનદારો પાસેથી બેફામ રીતે એક હજાર રૂપિયાનો યૂઝર ચાર્જ વસૂલી રહી છે. દેખાવકારોએ આરોપ મૂક્યો કે એમસીડી નિયમોનું પાલન કર્યા વિના ગાંધીનગર માર્કેટમાં દુકાનદારોથી મનમુજબનો વધારાનો ૧૦૦૦ ચાર્જ વસૂલી રહી છે.

ભાજપના કાઉન્સિલરે કહ્યું કે પૈસાની વસૂલીમાં ગેરવહીવટ થઈ રહ્યો છે કેમ કે દુકાનદારો પાસેથી તેમની દુકાનના આકારની ચિંતા કર્યા વિના ચાર્જ વસૂલાઈ રહ્યો છે. મ્યુનિસિપાલિટી દ્વારા વેસ્ટ મેનેજમેન્ટ નિયમ ૨૦૧૫ હેઠળ વાણિજ્યક સંપત્તિઓની જમીનના આકાર કે તેની બેસવાની ક્ષમતાના આધારે ૫૦૦થી ૫૦૦૦ ચાર્જ વસૂલાય છે. ભાજપના કાઉન્સિલરે દાવો કર્યો છે કે યૂઝર ચાર્જ ચૂકવવાનો ઈનકાર કરે તો તેમના પર એમસીડીના અધિકારીઓ મોટો દંડ ફટકારી રહ્યા છે.

**વિશેષ** સ્વદેશી સાયન્સ, ટેકનોલોજીથી લઈને સ્પેસ સુધીના બહુવિધ ક્ષેત્રે દુનિયાને ભારતની આગવી તાકાત જોવા મળી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# સાયન્સ સિટી ખાતે બાયોટેકનોલોજી પ્રી-વાઈબ્રન્ટ સમિટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે યોજાયેલી બાયોટેકનોલોજી સેક્ટરની પ્રી વાઈબ્રન્ટ ઈવેન્ટમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, બાયોટેકનોલોજી એ ઝડપથી વિકસી રહેલી 'ટેક્નોલોજી ઑફ હોપ' છે. ગુજરાતે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં વર્ષ ૨૦૦૪થી જ રાજ્યમાં બાયોટેકનોલોજી સેક્ટરના ડેવલપમેન્ટ પર ઝોક આપ્યો છે.

ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ધરાવતું એક રાજ્ય છે, એટલું જ નહી. ગુજરાતનું સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઈક્યુબેશન સેન્ટર જાહેર ક્ષેત્રમાં દેશના ટૉપ પાંચમાં સ્થાન પામ્યું છે. ૧૦૦ જેટલા સ્ટાર્ટઅપ આ સેન્ટર દ્વારા તૈયાર થયા છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સ્વદેશી સાયન્સ ટેકનોલોજીથી લઈને સ્પેસ સુધીના બહુવિધ ક્ષેત્રોમાં ભારતની આગવી ક્ષમતાનો વિશ્વને પરિચય કરાવ્યો છે.

વિશ્વને ગુજરાત અને દેશની વ્યાપાર ઉદ્યોગ ક્ષમતાનો પણ પરિચય કરાવવા વડાપ્રધાનશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટના બીજ ૨૦૦૩માં વાવેલા તે આજે બે દાયકામાં વિકાસનું વટવૃક્ષ બન્યા છે, એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ફાર્મા અને ટેકનોલોજી સેક્ટરમાં ગુજરાતની ગુજરાતની ઉપલબ્ધિઓ અંગે જણાવ્યું કે, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ૧૦ હજાર કરોડ જેટલી આવક સાથે રાજ્યના ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૪૦થી ૪૫% જેટલું યોગદાન આપે છે. રાજ્યમાં સૌથી મોટું ફાર્મા અને બાયોટેક વર્કફોર્સ ઉપલબ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં 'જય અનુસંધાન'ના મંત્રને સાર્થક કરતા દેશમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે સ્વર્ણિમયુગની શરૂઆત થઈ છે અને ગુજરાત એમાં પણ અગ્રેસર રહેવા સજ્જ છે. વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના લક્ષ્યને સિદ્ધ કરવામાં બાયોટેક્નોલોજી ક્ષેત્ર મહત્વનું સાબિત થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

વર્ચ્યુઅલ માધ્યમથી આ ઈવેન્ટમાં જોડાયેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં બાયોટેકનોલોજી મિશન અને બાયોટેકનોલોજી પાર્કની સ્થાપના કરી હતી. તેમણે કહ્યું કે, ૨૦ વર્ષ પહેલાં બાયોટેકનોલોજી મિશનની સ્થાપના કરવા વાળું ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય હતું. આ કદમ જ દર્શાવે છે કે બાયોટેકનોલોજીને લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન કેટલું દુરંદેશી હશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભારતીય બાયોટેક ઈન્ડસ્ટ્રી વર્ષ ૨૦૨૫ સુધી ૧૫૦ બિલિયન ડોલર અને વર્ષ ૨૦૩૦ સુધી ૩૦૦ બિલિયન ડોલરના લક્ષ્યાંક સાથે કાર્ય કરી રહી છે. ભારતમાં બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રીઝમાં ૭૬૦ થી વધુ કંપનીઓ અને વિભિન્ન ક્ષેત્રોમાં ફેલાયેલા ૪૨૪૦ જેટલા સ્ટાર્ટઅપ સામેલ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતે કોવિડ ૧૯ મહામારીમાં કુલ ૫ વેક્સિન બનાવી દુનિયામાં ભારતની બાયોટેકનોલોજી ક્ષેત્રની તાકાતનો પરિચય આપ્યો જે બાયોટેકનોલોજી સ્કિલને કારણે સંભવિત થઈ શક્યું. ભારતે દુનિયાના ૧૨૫થી વધુ દેશોમાં એફોર્ડેબલ વેક્સિન ઉપલબ્ધ કરાવી એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ગુજરાતને અભિનંદન આપતા કહ્યું કે, ગુજરાતે બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં અગ્રેસર રહી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવાનું કાર્ય કર્યું છે તે સરાહનીય છે. વાઈબ્રન્ટ ગુજરાતની આ પ્રી-ઈવેન્ટ આ ક્ષેત્રને સાચી દિશામાં આગળ વધવા માટે મદદ કરશે. આ ઈવેન્ટમાં વૈચારિક આદાન પ્રદાનથી બાયોટેકનોલોજી ક્ષેત્રને હજુ ઘણી ઊંચાઈઓ પ્રાપ્ત થશે એવું તેમણે ઉમેર્યું હતું.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના સચિવ શ્રી રાજેશ ગોખલેએ આગામી સમયમાં 'બાયોલોજી દ્વારા ટેકનોલોજી ક્રાંતિ' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં આ ક્ષેત્રે દેશમાં રહેલા પડકારો, તેના નિરાકરણ સહિત વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં બાયોટેકનોલોજી, રિસર્ચ અને ઈનોવેશનની ભૂમિકા અંગે વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. મુખ્ય સચિવશ્રી રાજકુમારે જણાવ્યું કે, ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આગામી સમયમાં દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશનું બાયોટેકનોલોજી સેકટર ઝડપથી વિકસી રહ્યું છે. આવનારા સમયમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન અને રીન્યુએબલ રીસોર્સના મહત્તમ ઉપયોગના લક્ષ્યાંકને સાકાર કરવામાં બાયોટેકનોલોજી ક્ષેત્ર ખૂબ જ મહવનો ભાગ ભજવશે. રાજ્યમાં બાયોટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાયોટેકનોલોજી ઈકોસિસ્ટમ ડેવલપ કરીને ગુજરાતને બાયોટેકનોલોજી હબ બનાવવાનો બાયોટેકનોલોજી પોલીસીનો મુખ્ય ઉદેશ છે એમ તેમણે ઉમેર્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર આવશે ગુજરાત

। સુરત, તા.૧૧ ।

પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર ગુજરાતના મહેમાન બનશે. જી હા...૧૭ ડિસેમ્બરે પીએમ મોદી સુરતની મુલાકાતે આવશે. પીએમ મોદી સુરતમાં નવનિર્મિત એરપોર્ટ ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. નવા ટર્મિનલમાં ૧૮૦૦ પ્રવાસીઓ સમાઈ શકે તેટલી જગ્યા બનાવવામાં આવી છે. એટલું જ નહીં, નવનિર્મિત એરપોર્ટ ટર્મિનલમાં ગુજરાતની સંસ્કૃતિને દર્શાવતું આર્ટવર્ક કરવામાં આવ્યું છે. નવા ટર્મિનલમાં ૫ એરોબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. કસ્ટમ ઈમિગ્રેશન અને ચેકિંગ કાઉન્ટરની સંખ્યામાં પણ વધારો થયો છે. ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ૨ એક્ઝિક્યુટીવ લોન્જ બનાવાયા છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭ તારીખે સુરતની મુલાકાતે પધારી રહ્યા છે. સુરતમાં નવનિર્મિત એરપોર્ટ ટર્મિનલનું નરેન્દ્ર મોદી ઉદ્ઘાટન કરી શકે છે. સુરતમાં વિવિધ અને આધુનિક સુવિધાઓથી સજ્જ છે એરપોર્ટનું નવું ટર્મિનલ બનાવવામાં આવ્યું છે. સુરત એરપોર્ટનું આ નવું ટર્મિનલ ખુબ આકર્ષક છે.

### સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર હોટલ આલ્ફામાં ઘુસી

। નવસારી, તા.૧૧ ।

દિવસે ને દિવસે વધી રહેલા બેફામ કાર ચાલકોને ડામવા પોલીસ અવનવા કીમિયાઓ અપનાવી રહ્યા છે. છતા બેફામ ચાલકો બાજ નથી આવી રહ્યા. ઘટના ફરી નવસારીમાં બની છે જેમાં આલ્ફા હોટલ પુરપાટ ઝડપે આવતી કાર ઘૂસી છે. અકસ્માતના ભયાનક વીડિયો CCTVમાં પણ કેદ થયા છે. નવસારીમાં બેફામ ઝડપે ફરી ગમખ્વાર અકસ્માત સર્જાયો.સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર હોટલ આલ્ફામાં ઘૂસી હતી. બેફામ કારચાલક જે પ્રકારે હોટલમાં એન્ટર થઈ તે જોઈને હાજર લોકોના હોંસ ઊડી ગયા હતા. કારણે આ ટક્કરને કારણે હોટલમાં ભારે નુકસાન થયું હતું. બેફામ કારની ટક્કર વાગતા ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કાર અકસ્માતની ઘટના ઝઝૂફમાં કેદ થઈ છે. કારચાલક પોલીસ સમક્ષ હાજર થયો હોવાની પણ વિગત મળી છે. ચીખલી પોલીસે આ સમગ્ર CCTVના આદહરે કાર્યવાહી હાથ ધરી છે.

# સૂર્ય નમસ્કાર સ્પર્ધાના આયોજન અંગે ડેપ્યૂટી મ્યુનિ. કમિશનર શ્રી રમેશ મેરજાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

## અમદાવાદ શહેરમાં ૧૯મી ડિસેમ્બરે વોર્ડ સ્તરે અને ૨૩મી ડિસેમ્બરે ઝોન સ્તરે સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાશે

। અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધા-૨૦૨૩-૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી તા.૧૯ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન સમગ્ર રાજ્યમાં વિવિધ સ્તરે સૂર્ય નમસ્કાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજવા માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સૂર્ય નમસ્કાર સ્પર્ધાના આયોજન માટે અમ્યુકોના ડેપ્યૂટી મ્યુનિસિપલ કમિશનર શ્રી રમેશભાઈ મેરજાની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. શ્રી રમેશભાઈ મેરજા દ્વારા વોર્ડ તથા ઝોન સ્તરે યોજનારા સૂર્ય



નમસ્કાર સ્પર્ધાના આયોજનની ઝીણામાં ઝીણી વિગતોની ચર્ચા કરીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. હાલમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલી રહી છે. તાજેતરમાં જ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં નોંધણી કરાવવા માટેની લિંક લૉન્ચ કરવામાં આવી છે. સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે https://snc.gsyb.in/ લિંક પર ૧૫મી ડિસેમ્બર સુધીમાં નોંધણી કરાવી શકાશે. શહેરના વધુમાં વધુ યુવાનો અને નાગરિકોને આ સ્પર્ધામાં સહભાગી બનવા પ્રેરાય અને પોતાના નામની નોંધણી કરાવે, એ માટે સોશિયલ મીડિયા સહિતનાં વિવિધ પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરીને વિશેષ પ્રયાસો હાથ ધરવા માટે આ બેઠકમાં અનુરોધ કરવામાં આવ્યો હતો.અમદાવાદમાં આગામી ૧૯મી ડિસેમ્બરના રોજ વોર્ડ કક્ષાએ સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાશે. સૂર્ય નમસ્કારની આ સ્પર્ધામાં ૦૯થી ૧૮ વર્ષ, ૧૯થી ૪૦ વર્ષ અને ૪૧ વર્ષથી ઉપરની વયના એમ ત્રણ કેટેગરીમાં ભાગ લઈ શકાશે. વોર્ડ સ્તરે આ ત્રણેય કેટેગરીમાં એક પુરુષ અને એક સ્ત્રીને વિજેતા જાહેર કરાશે. વોર્ડ સ્તરના વિજેતાઓને તા. ૨૩મી ડિસેમ્બરે યોજાનાર ઝોન સ્તરની સ્પર્ધામાં સહભાગી થવાની તક મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેનારા તમામને ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે તથા તમામ સ્તરના વિજેતાઓને રોકડ ઈનામો આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. તમામ સ્તરના કુલ મળીને અંદાજે ૨ કરોડથી વધુ રકમના ઈનામો યોગ સ્પર્ધકોને આપવામાં આવશે. તમામ સ્તરની સ્પર્ધાઓ પૂર્ણ થયા બાદ તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મોઢેરા સૂર્ય મંદિર ખાતે ભગવાન સૂર્ય નારાયણની હાજરીમાં નવા વર્ષના પ્રથમ સૂર્યના કિરણ સાથે સૂર્ય નમસ્કાર દ્વારા સૂર્ય દેવતાની આરાધના કરતા સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં રાજ્ય કક્ષાએ વિજેતા સ્પર્ધકોનો ભવ્ય સન્માન સમારોહ પણ યોજવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા રમત ગમત અધિકારી શ્રી એસ. આર. રાઠોડ, જિલ્લા રમતગમત વિકાસ અધિકારી શ્રી સમીર પંચાલ, સિનિયર આસિસ્ટન્ટ મ્યુનિ. કમિશનર શ્રી તેજસ ભંડારી, શાસનાધિકારી શ્રી ડૉ. એલ.ડી. દેસાઈ, મ્યુનિ. સ્કૂલ બોર્ડના અધિકારીઓ, યોગ બોર્ડના પ્રતિનિધિ તથા યોગ સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.


# અમદાવાદમાં પ્રદૂષણ કંટ્રોલ કરવા AMCએ મિસ્ટ મશીન વસાવ્યા

## એએમસી રૂપિયા ૪૪ લાખના ખર્ચે મિસ્ટ મશીન ખરીદ્યા છે આ મિસ્ટ મશીન વાનથી ડમ્પ સાઇટ તેમજ ઝાડ પર રહેલી ધુળ પર વોટર પાર્ટીકલ્સ સ્પ્રે કરાશે

। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરમાં વધી રહેલા વાયુ પ્રદૂષણને ઘટાડવા માટે એએસમીએ નવતર પ્રયોગ હાથ ધર્યો છે. હવામાં ધૂળના રજકણ તેમજ પ્રદૂષણ ઘટાડવા માટે અમદાવાદ કોર્પોરેશન કરોડોનો ખર્ચ કરશે.

હવાની ગુણવતા સુધારવા માટે એએમસી રૂપિયા ૪૪ લાખના ખર્ચે મિસ્ટ મશીન ખરીદ્યા છે. આ મિસ્ટ મશીન વાનથી ડમ્પ સાઇટ તેમજ ઝાડ પર રહેલી ધુળ પર



વોટર પાર્ટીકલ્સ સ્પ્રે કરાશે. હાલ પ્રાયોગિક ધોરણે બે મશીન ખરીદાયા છે. જે ભવિષ્યમાં ૧૬ મશીન ખરીદવાનું આયોજન કરાયુ છે.

મીસ્ટ વાન મીસ્ટ મશીન એર કવોલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવામાં ધુળનાં રજકણ તથા રોડ ડસ્ટને કારણે થતા એર પોલ્યુશનમાં ઘટાડો મેળવવા ખરીદ કરવામાં આવેલ છે. સદર મશીન દ્વારા C & D વેસ્ટનાં નિકાલ તથા ટ્રાન્સપોર્ટેશન સંદર્ભે થતા એર પોલ્યુશનને કંટ્રોલ કરવામાં સફળતા મળે છે.વધુમાં શહેરમાંથી નીકાલ કરવામાં આવતા કચરાની પીરાણા ડમ્પીંગ સાઇટ પર કાર્યરત બાયો-માઈનીંગ પ્રોજેકટની જુદી-જુદી મશીનરીઓ દ્વારા સતત થતી કામગીરીને કારણે વેસ્ટ સેગ્રીગેશનની કામગીરીમાં હવામાં ફેલાતી ડસ્ટને કારણે થતું પોલ્યુશનમાં ઘટાડો મેળવવા આવી કામગીરી સ્થળે મીસ્ટ મશીનથી સતત મીસ્ટ સ્પ્રે કરવામાં આવે છે.

મીસ્ટ મશીનથી ડાબી તથા જમણી બાજુમાં તેની કેનનને ફરતી રાખી ૨૫ માઈક્રોન સાઈઝનાં વોટર પાર્ટીકલ્સ સ્પ્રેને આધારે અંદાજે ૯૦થી ૯૫ ફુટની લંબાઈમાં હવામાં રહેલ ડસ્ટનાં પોલ્યુશનમાં ઘટાડો મળી રહે છે. આ પ્રકારનાં ૧ મશીનની ખરીદ કિમંત રૂા. ૪૪.૦૦ લાખ છે. અ.મ્યુ.કો દ્વારા આગામી સમયમાં શહેરનાં મુખ્ય માર્ગો પર આવેલ મોટા ઝાડ નાં પાંદડાં વિગેરે પર જામી જતી ડસ્ટ–ધુળ વિગેરેને દૂર કરવા માટે આવા વધુ મશીનો ખરીદ કરી ઉપયોગમાં મુકવામાં આવનાર છે.



ભરતભાઈ એ.પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા ગામે સમાજગર ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પોતાનું સ્વાથ્ય અને આરોગ્ય સારું રહે તે આશયથી અનેક વકતીઓ મહિલાઓ તેમજ પુરુષો નિયમિત સવારે ૭ થી ૮ એક કલાક યોગ કરે છે જેમાં શ્રી હર્ષભાઈ ડી.જોષી દ્વારા માર્ગદર્શન અને પ્રોત્સાહન અને સમજ આપી યોગ કરાવવામાં આવે છે જેમાં શ્રી ભરતભાઈ શ્રી નીરવભાઈ શ્રી શિવમભાઈ શ્રી માંધવભાઈ શ્રી કેતનભાઈ શ્રીમતી મનીષાબેન શ્રીમતી આશાબેન શ્રીમતી કીર્તિદાબેન શ્રીમતી નિમિષાબેન શ્રીમતી નિકીબેન શ્રીમતી વેણુબેન  નિયમિત રીતે આવી યોગ કરે છે.

### અમદાવાદ કોર્પોરેશનની ઢીલી કામગીરી

# અમદાવાદના વેજલપુર અને જોધપુર વિસ્તારના તોડેલા રોડથી પ્રજા પરેશાન

## રોડ બનાવવાની કામગીરીમાં ઢીલાશ જોવા મળી રહી છે જેથી અનેક લોકોને રોજે-રોજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે

। અમદાવાદ, તા.૧૧ ।

લોકોના મનમાં સવાલ છે કે રોડને સમારકામ માટે તોડવામાં તો આવ્યા, પરંતુ તેની કામગીરી ક્યારે પૂર્ણ થશે ? વેજલપુરની જેમ જોધપુરમાં પણ રોડ ખોદવામાં આવ્યા છે. જો કે રોડ બનાવવાની કામગીરીમાં ઢીલાશ જોવા મળી રહી છે. જેથી અનેક લોકોને રોજે-રોજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ફરી એક વાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું અણધડ આયોજન જોવા મળ્યું છે.

વિકાસ માટે વેજલપુર અને જોધપુર વિસ્તારમાં દિવાળી પહેલા રોડ તોડવામાં આવ્યા. છતાં હજી સુધી તેની કામગીરી પૂરી થઈ નથી. ગોકળ ગાયની ગતિએ ચાલતી રોડની કામગીરીને લઈ સ્થાનિકો અને વાહન ચાલકો ખૂબ પરેશાન થયા છે. લોકોના મનમાં સવાલ છે કે રોડને સમારકામ માટે તોડવામાં તો આવ્યા, પરંતુ તેની કામગીરી ક્યારે પૂર્ણ થશે ? વેજલપુરની જેમ જોધપુરમાં પણ રોડ ખોદવામાં આવ્યા છે. જો કે રોડ બનાવવાની કામગીરીમાં ઢીલાશ જોવા મળી રહી છે. જેથી અનેક લોકોને રોજે-રોજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જોધપુર વિસ્તારમાં જાણે ગોકળ ગતિએ મ્યુનિસિપાલિટીની કામગીરી ચાલી રહી છે.

### આવનારા સમયમાં નવા બદલાવ સાથે શક્તિ દૂત યોજના અને સ્પોર્ટ્સ પોલીસી લોન્ચ કરાશે

# રમત ગમત અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં અમદાવાદમાં ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવનો પ્રારંભ

। ગાંધીનગર, તા.૧૧ ।

રમત-ગમત અને ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં આયોજિત ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવને સંબોધતા જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે અમદાવાદમાં ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવનું આયોજન થયું છે. ગુજરાત અને ભારતભરના રમત-ગમત ક્ષેત્ર સાથે સંકળાયેલા આંત્રપ્રિન્યોર્સને પ્રોત્સાહન અને સમર્થન આપવાના ઉદેશ સાથે ગુજરાત સમગ્ર દેશમાં આ પ્રકારની સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવનું આયોજન કરનાર પ્રથમ રાજ્ય પણ બન્યું છે. એટલું જ નહિ, દેશના વિવિધ સ્પોર્ટ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ આ કોક્લેવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે, એ આ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવની પણ સફળતા દર્શાવે છે.

ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોક્લેવ અંગે વાત કરતા રમત ગમત મંત્રીશ્રીએ કહ્યું કે, આ કોક્લેવ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. આ કોક્લેવમાં પિચબુક સ્પર્ધાના શોર્ટલિસ્ટેડ સ્ટાર્ટઅપ્સને રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૫ લાખના આકર્ષક રોકડ



પુરસ્કારો આપવામાં આવશે, જેનાથી સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે સંકળાયેલા આંત્રપ્રિન્યોર્સને ખૂબ પ્રોત્સાહન મળશે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી હર્ષભાઈ સંઘવીએ વધુમાં કહ્યું કે, ગુજરાત રાજ્ય સ્પોર્ટ્સના આવા વ્યાપક આયોજન કરવામાં એક પછી એક મોટી સફળતા હાંસલ કરી છે, જેનું તાજું ઉદાહરણ તાજેતરમાં જ ગુજરાતમાં આયોજિત નેશનલ ગેમ્સ પણ છે. રાજ્ય સરકારના સ્પોર્ટ્સ વિભાગે માત્ર ૧૦૦ દિવસની ચેલેન્જ સ્વીકારીને આ નેશનલ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું, જેના આપણે સૌ સાક્ષી રહ્યા છીએ. સ્પોર્ટ્સ પોલીસી અંગે વાત કરતા શ્રી હર્ષભાઈએ કહ્યું કે, રાજ્ય સરકાર સ્પોર્ટ્સ પોલીસીમાં પણ મોટા ફેરફાર લાવી રહી છે. સ્પોર્ટ્સ ક્ષેત્રને અનુરૂપ ટૂંક સમયમાં નવી સ્પોર્ટ્સ પોલીસી પણ જાહેર કરવામાં આવશે. આ પોલીસીથી સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે સંકળાયેલા તેમજ ખેલાડીઓને ખૂબ પ્રોત્સાહન મળશે, એવો વિશ્વાસ પણ શ્રી હર્ષભાઈ સંઘવીએ વ્યક્ત કર્યો હતો. શ્રી હર્ષભાઈ સંઘવીએ વધુમાં કહ્યું કે, ખેલાડીઓની મળતી સુવિધાઓમાં પણ બદલાવ લાવવા રાજ્ય સરકાર તમામ પ્રકારના પ્રયાસો કર્યા છે. ખેલાડીઓને કોઈ પણ પ્રકારની નાની તકલીફ લઈને મંત્રીશ્રી સુધી ન આવવું પડે અને તાત્કાલિક તેનું નિરાકરણ થઈ જાય તેવા પ્રકારનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. ખેલાડીઓ તરફથી આવેલા તમામ સજેશન અમે સ્પોર્ટ્સ વિભાગને મોકલ્યા છે.

### કેળવણી મંડળની ચૂંટણીની મતગણતરી બાદ પરિણામ જાહેર ના થઈ શક્યું

। સાબરકાંઠા, તા.૧૧ ।

હિંમતનગર કેળવણી મંડળની ચૂંટણી શાંતીપૂર્ણ રીતે રવિવારે પૂર્ણ થઈ હતી. મોડી સાંજે મતગણતરી શરુ થઈ હતી અને જે મોડી રાત્રી સુધી ચાલી હતી. આ દરમિયાન મતગણતરી પૂર્ણ થયા બાદ પણ પરિણામ જાહેર કરવામાં આવ્યુ નહોતું. એક ઉમેદવારે ફરી મતગણતરી કરવા માટેની માંગણી કરી હતી જેને લઈ પરિણામ જાહેર થઈ શક્યુ નહોતું. હવે આ મામલે સોમવારે નિર્ણય લેવામાં આવશે. હિંમતનગર કેળવણી મંડળની ચૂંટણી શાંતીપૂર્ણ રીતે સમાપ્ત થઈ હતી. આ દરમિયાન મોડી સાંજે મતગણતરીની શરુઆત હિંમત હાઈસ્કૂલમાં કરવામાં આવી હતી. મોડી રાત્રી સુધી ચાલેલી મતગણતરી દરમિયાન ઉમેદવાર દ્વારા મતને લઈ વાંધા ઉઠાવવામાં આવ્યા હતા. કેટલાક બેલેટ મતમાં ચોકડી લગાવવામાં ક્ષતિ કરી હોવાને લઈ રદ કરવામાં આવ્યા હતા. મતગણતરી વખતે પણ કેટલાક મતને લઈ વાંધા ઉઠવાને લઈ રજૂઆત કરવામાં આવી હતી. આમ મતગણતરીને લઈ વાંધો ઉઠાવ્યા બાદ મામલો હવે ચેરીટી કમિશ્નરમાં પહોંચ્યો છે. જ્યાં સોમવારે બપોરે આ મામલે નિર્ણય લેવામાં આવી શકે છે. દાતા વિભાગમાં મતના તફાવતને લઈ માંગવામાં આવેલ રીકાઉન્ટીંગની માંગણીને લઈ નિર્ણય આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### લાકડા ભરીને આવતા ટ્રેક્ટર સાથે બસની ટક્કર થઇ

# પેટલાદના જોગણ ગામે એસટી બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત, પને ઇજા

। આણંદ, તા.૧૧ ।

આણંદ જિલ્લામાં પેટલાદ નજીક એસટી બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એસટી બસ સાથે ટકરાતા ટ્રેક્ટર પલટી મારી ગયુ હતુ. અકસ્માતમાં ટ્રેક્ટરચાલક અને બસના મુસાફર સહિત ૫ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમને સારવાર માટે પેટલાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની વાત કરીએ તો આણંદ જિલ્લાના પેટલાદમાં જોગણ ગામ નજીકથી એક એસટી બસ પસાર થઈ રહી હતી. અચાનક એક લાકડા ભરીને આવતા ટ્રેક્ટર સાથે બસની ટક્કર થઈ હતી. જે પછી ટ્રેક્ટર પલટી ગયુ હતુ અને રોડની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી ગયુ હતુ. અકસ્માત થયા બાદ આસપાસના લોકો દોડીને આવી ગયા હતા અને અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને બચાવવા કામે લાગ્યા હતા. લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી. જે પછી અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા પથી વધુ લોકોને સારવાર માટે પેટલાદની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨